RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત


Date:- 12-09-2026 I VOL : 12 I Issue : 177 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

સુવિચાર


સ્વપ્નો સાકાર કરવા માટે જાગવું પડે. ક્યારેય શીખવાનું બંધ ન કરો.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

ગુજરાત વિધાનસભામાં 'વંદે માતરમ્' મુદ્દે મહાસંગ્રામ: ઇમરાન ખેડાવાલા...

4

'પોલીસ સામે પગલાં લઈશું તો મોરલ ડાઉન થઈ જશે!': કાયદાના...

6

જન્નત ફેમ અભિનેત્રી સોનલ ચૌહાણ જોવા મળી લહેંગા સ્ટાઈલમાં

7

ભારતની શાનદાર જીત, બાંગ્લાદેશને હરાવી ફાઈનલમાં એન્ટ્રી

## વૈશ્વિક GDP અઢી ગણી વધી ત્યારે BRICS દેશોની સાડા ચાર ગણી વધી

# બ્રિક્સ દેશોમાં દુનિયાની 40% GDP: PM મોદી

નવી દિલ્હી

નવી દિલ્હીમાં BRICS બિઝનેસ ફોરમમાં PM મોદીએ જણાવ્યું કે, 2006માં 4 દેશોથી શરૂ થયેલું BRICS આજે 21 દેશોનો પરિવાર બન્યો છે. BRICS દેશો વિશ્વની 50% વસતી અને 40% GDPનું પ્રતિનિધિત્વ કરે છે. પુતિને G7 પર પ્રહાર કરતા કહ્યું કે, BRICS GDP મામલે G7થી આગળ નીકળી ગયું છે અને વિશ્વનું નવું ગ્રોથ એન્જિન બન્યું છે. રાજધાની નવી દિલ્હીમાં આયોજિત 18મા બ્રિક્સ શિખર સંમેલન અંતર્ગત 'બ્રિક્સ બિઝનેસ ફોરમ'ના લીડર્સ



સેશનમાં વૈશ્વિક આર્થિક શક્તિ અને વિકાસની નવી દિશા સ્પષ્ટ થઈ છે. ભારત આજે ગ્લોબલ સોલ્યુશન અને ઈનોવેશનનું મુખ્ય કેન્દ્ર બનીને ઊભરી રહ્યું છે તેમજ બ્રિક્સ સંગઠન વિશ્વના આર્થિક ગ્રોથ એન્જિન તરીકે પશ્ચિમી દેશોના જૂથ G7ને પણ પાછળ છોડી રહ્યું છે તેવો સ્પષ્ટ સંદેશ આ મંચ પરથી આપવામાં આવ્યો છે. 2006માં BRICS શરૂ કરાયું ત્યારે 4 દેશો, હવે 20 દેશોનો પરિવાર થયો : PM મોદી આ સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi) એ જણાવ્યું કે, 'બ્રિક્સ બિઝનેસ ફોરમમાં આપ સૌનું સ્વાગત છે. આ વર્ષે આપણે બ્રિક્સના 20 વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ. જ્યારે 2006માં આ જૂથ શરૂ થયું ત્યારે તેમાં માત્ર 4 દેશો હતા.

### દિલ્હીમાં પશ્ચિમી દેશો પર પુતિનનો કટાક્ષ: G7ને 'ગ્રેટ-7' કેમ કહે છે સમજાતું નથી, વર્લ્ડ GDPનો 40% હિસ્સો બ્રિક્સ પાસે!

નવી દિલ્હી ખાતે યોજાયેલી 'બ્રિક્સ બિઝનેસ સમિટ 2026ને સંબોધિત કરતી વખતે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને પશ્ચિમી દેશોના જૂથ G7 પર આકરા પ્રહારો કર્યા હતા. પુતિને વૈશ્વિક અર્થતંત્રમાં G7 દેશોના ઘટતા હિસ્સા અને બ્રિક્સની ઝડપથી વધતી આર્થિક શક્તિ વચ્ચેની તુલના રજૂ કરીને પશ્ચિમી દેશોના પ્રભુત્વ પર સવાલો ઉઠાવ્યા હતા. પુતિને કહ્યું કે આ સંમેલન માત્ર એક ઔપચારિક કાર્યક્રમ નથી, પરંતુ બ્રિક્સ દેશો વચ્ચે મજબૂત બિઝનેસ-ટુ-બિઝનેસ સંબંધો આંતરરાષ્ટ્રીય આર્થિક વ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે. હાલ સમગ્ર વિશ્વ એક ઊંડા, સંરચનાત્મક અને મૂળભૂત આર્થિક પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે.

## 19મીએ ઇન્દોરમાં મળીશ, સમસ્યાઓ-પડકારો જણાવો: રાહુલ ગાંધી

### 'છાત્રો કી ગુંજ' માટે 1.50 લાખ રજીસ્ટ્રેશન; હજુ સુધી મંજુરી મળી નથી

ઇન્દોર



મધ્યપ્રદેશના ઈન્દોરમાં 19 સપ્ટેમ્બરે પ્રસ્તાવિત રાહુલ ગાંધીના 'છાત્રો કી ગુંજ' કાર્યક્રમને લઈને કોંગ્રેસે તૈયારીઓ તેજ કરી દીધી છે. કોંગ્રેસનો દાવો છે કે કાર્યક્રમ માટે અત્યાર સુધીમાં 1.50 લાખથી વધુ રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે. રાહુલ ગાંધીએ બુધવારે વિદ્યાર્થીઓ અને યુવાનોના નામે સંદેશ જારી કરીને તેમને પોતાની સમસ્યાઓ, પડકારો અને સૂચનો શેર કરવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે તેઓ અલગ-અલગ શહેરોમાં વિદ્યાર્થીઓને મળીને તેમના પડકારો સમજી રહ્યા છે. આ અભિયાન હેઠળ 19 સપ્ટેમ્બરે ઈન્દોરમાં વિદ્યાર્થીઓ વચ્ચે રહેશે. રાહુલે વિદ્યાર્થીઓને ઓનલાઈન લિંક દ્વારા પોતાની વાત જણાવવા અને વીડિયો બનાવીને સમસ્યાઓ શેર કરવા પણ અપીલ કરી હતી. તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓની સમસ્યાઓ અને સૂચનો દ્વારા સાથે મળીને આશા પાછી લાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

## 135 વર્ષ જૂનો કાયદો રદ: કોર્ટમાં ડિજિટલ અને ક્લાઉડ બેંકિંગ રેકોર્ડ્સ હવે માન્ય પુરાવો ગણાશે

નવી દિલ્હી

બેંકિંગ વ્યવસ્થામાં ટેક્નોલોજીના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ કાયદાકીય ફેરફાર કર્યો છે. નાણા મંત્રાલયે Bankers' Books Evidence Act, 2026ને 1 ઓક્ટોબર, 2026થી અમલમાં મૂકવા માટે નોટિફિકેશન જાહેર કર્યું છે. આ કાયદાને રાષ્ટ્રપતિની મંજૂરી 13 ઓગસ્ટે મળી હતી. નવો કાયદો 1891ના જૂના Bankers' Books Evidence Actનું સ્થાન લેશે. ડિજિટલ અને ક્લાઉડ રેકોર્ડને પણ માન્યતા નવા કાયદાની સૌથી મહત્વપૂર્ણ જોગવાઈ એ છે કે તેમાં બેંકિંગ રેકોર્ડની વ્યાખ્યાને ટેક્નોલોજી પ્રમાણે વિસ્તૃત કરવામાં આવી છે. હવે ફિઝિકલ, ઈલેક્ટ્રોનિક, ડિજિટલ, વર્ચ્યુઅલ અને ક્લાઉડ આધારિત રેકોર્ડને પણ 'bankers' books'માં સામેલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત બેકઅપ અને ડિઝાસ્ટર રિકવરી સાઈટ પર સંગ્રહિત રેકોર્ડને પણ આ માળખા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. એટલે ટેક્નોલોજીમાં થતા ફેરફારો સાથે કાયદો પણ સુસંગત રહી શકે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## વર્ષનાં અંતમાં 44 વર્ષનું સૌથી શક્તિશાળી વાવાઝોડું ત્રાટકશે


### ISROનું રેડ એલર્ટ, 83% વધુ વિનાશક ક્ષમતા; ગુજરાત-મહારાષ્ટ્ર સહિતના રાજ્યો પર તોળાતું જોખમ

નવી દિલ્હી

ISRO દ્વારા વર્ષ 2026ના ઓક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન દેશના દરિયાકાંઠાના વિસ્તારો માટે એક મહત્વપૂર્ણ ચેતવણી જાહેર કરવામાં આવી છે. સેટેલાઇટ અને હવામાન ડેટાના આધારે બંગાળની ખાડી અને અરબ સાગરમાં ત્રણ શક્તિશાળી વાવાઝોડાં આવવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ વખતે વાવાઝોડાંની કુલ વિનાશક ક્ષમતા (PDI) છેલ્લા 44 વર્ષના સરેરાશ કરતાં બમણી નજીક (83%વધુ) રહેવાનું અનુમાન છે. આગામી ત્રણ મહિનામાં દરિયાકાંઠાના રાજ્યો માટે ભારે પવન, અતિભારે વરસાદ અને ઊંચા મોજાંનો મોટો પડકાર ઉભો થઈ શકે છે. આ પૂર્વ-અનુમાનથી સરકારી તંત્ર અને આપત્તિ વ્યવસ્થાપન ટીમોને સમયસર તૈયારી કરવાનો મહત્ત્વની તક મળશે. ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચે 3 સાયક્લોનનું અનુમાન ઈસરો(ISRO)ના જણાવ્યા મુજબ 2026ના પોસ્ટ-મોન્સૂન સિઝનમાં નોર્થ ઈન્ડિયન ઓશિયનમાં ત્રણ ચક્રવાતી વાવાઝોડાં(સાયક્લોન) બની શકે છે.

# વીઆઈપીને છૂટ, આમ આદમીને સીલ?': ઈક્કા કલબનો ₹20.69 કરોડનો ટેક્સ બાકી હોવા છતાં પણ AMC મૌન

## ગરીબોના ઘર તાળાં મારતા તંત્રની બેવડી નીતિ સામે જનતાનો આક્રોશ!





અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની પક્ષપાતી અને વિવાદિત કામગીરી સામે ફરી એકવાર સમગ્ર શહેરમાં ભારે રોષનો વિસ્ફોટ થયો છે. સ્માર્ટ સિટીના દાવા કરતી કોર્પોરેશન સામાન્ય નાગરિક કે નાના વેપારીનો માત્ર એક વર્ષનો કે થોડોક જ પ્રોપર્ટી ટેક્સ બાકી હોય તો ત્વરિત કાયદાનો ડંડો ઉગામીને મિલકત સીલ કરી દે છે અથવા પાણી-ડ્રેનેજના જોડાણ કાપી નાખે છે. પરંતુ બીજી તરફ શહેરના કાંકરિયા સ્થિત હાઈપ્રોફાઈલ 'ઈક્કા ક્લબ' (ટ્રાન્સસ્ટેડિયા)નો ૨૦.૬૯ કરોડ રૂપિયાથી વધુનો માતબર ટેક્સ બાકી હોવા છતાં AMCના અધિકારીઓ કેમ હાથ બાંધીને બેઠા છે? શું કાયદો માત્ર ગરીબો અને સામાન્ય જનતા માટે જ છે? તેવા આકરા સવાલો હવે અમદાવાદની જનતા પૂછી રહી છે.

### 20.69 કરોડનો ટેક્સ બાકી: AMCનો કાયદો વીઆઈપી સામે કેમ નાકામ?

સૂત્રો અને ઉપલબ્ધ વિગતો મુજબ, કાંકરિયા ખાતે આવેલા ટ્રાન્સસ્ટેડિયા (ઈક્કા ક્લબ) પર કરોડો રૂપિયાનો ટેક્સ લાંબા સમયથી બાકી લેણો નીકળે છે. વર્ષોથી આ કરોડોની રકમની વસૂલાત અટકેલી પડી છે, છતાં તંત્ર દ્વારા આ કલબ સામે સીલિંગની કોઈ મજબૂત કાર્યવાહી કરવામાં આવી નથી.

બેવડા ધોરણોનો ખેલ: સામાન્ય મધ્યમવર્ગીય નાગરિક કે નાના દુકાનદારનો ટેક્સ બાકી રહે એટલે AMCની ટીમો નોટિસ આપ્યા વગર સીલ મારી દેવા દોડી જાય છે.

વીઆઈપી કલ્ચર: લાખો-કરોડો રૂપિયા દબાવીને બેઠેલા મોટા માથા અને કલબ સામે ટેક્સ વિભાગના અધિકારીઓ માત્ર કાગળિયા નોટિસો મોકલીને સંતોષ માની રહ્યા છે!

### 'ઈક્કા કલબ તાત્કાલિક સીલ કરો': જનતાનો તંત્રને પડકાર

આમ જનતા હવે ખુલ્લેઆમ માંગ કરી રહી છે કે કાયદાની નજરમાં સૌ સમાન હોવા જોઈએ. જો સામાન્ય નાગરિકો પાસેથી વ્યાજ સાથે દંડ વસૂલવામાં આવતો હોય, તો ૨૦.૬૯ કરોડનો ટેક્સ દબાવીને બેઠેલી ઈક્કા કલબને તાત્કાલિક અસરથી સીલ મારીને હરાજી સુધીની કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી?

જો તંત્ર આગામી દિવસોમાં આ મામલે કોઈ કડક પગલાં નહીં ભરે, તો AMCની કામગીરી પર લાગેલું ભ્રષ્ટાચારનું કાળું ધબ્બું વધુ ઘેરૂ બનશે અને જનતા વિરોધ પ્રદર્શન સાથે કોર્પોરેશનનો ઘેરાવ કરશે તે નક્કી છે!

### પોલિટિકલ આકાઓનો હાથ કે ભ્રષ્ટાચારની મિલીભગત?

જનતામાં અને વિપક્ષમાં હવે સનસનાટીભર્યા આક્ષેપો થઈ રહ્યા છે કે:

1. શું સત્તાધારી ભાજપના જ કોઈ મોટા નેતાનો ઈક્કા કલબ પર હાથ છે?
2. શું રાજકીય દબાણ અને સેટિંગના કારણે AMCના કમિશનર કે ટેક્સ અધિકારીઓ કલબને સીલ મારવાની હિંમત નથી દાખવી રહ્યા?
3. કે પછી કરોડો રૂપિયાના ટેક્સ સેટલમેન્ટ પાછળ મોટા પાયે ભ્રષ્ટાચાર અને કમિશનખોરીનો ખેલ ચાલી રહ્યો છે?

## એક નજર...

### પિંક આઉટફીટમાં રાઈ લક્ષ્મીએ આપ્યા ગ્લેમરસ પોઝ



રાય લક્ષ્મી ખૂબ જ નાની ઉંમરે મોડલિંગથી પોતાના કરિયરની શરૂઆત કરી હતી અને વર્ષ 2005માં માત્ર 15 વર્ષની ઉંમરે તમિલ ફિલ્મ 'કર્ક કસદર' દ્વારા પોતાના અભિનય ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું. રાય લક્ષ્મી તેમની બોલ્ડ અને ગ્લેમરસ સ્ટાઈલ તેમજ શાનદાર ડાન્સિંગ સ્કિલ માટે જાણીતી છે, જેના કારણે તેમના ડાન્સ નંબર્સ અને આઈટમ સોંગ્સ દર્શકોમાં ખૂબ જ લોકપ્રિય રહે છે.

## NEWS TRACK

### AIની મદદથી ઘાતક હથિયાર બનાવવા આતંકી જૂથો સક્રિય! Anthropicના રિપોર્ટમાં ઘટસ્ફોટ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) કંપની એન્થ્રોપિક (Anthropic) એ એક મોટો ખુલાસો કર્યો છે, અને જણાવ્યું છે કે, વિશ્વના કેટલાક દેશો અને આતંકવાદી જૂથો AI નો દુરુપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કંપનીએ રજૂ કરેલા રિપોર્ટ અનુસાર, ઈરાન સમર્થિત યમનના હૂથી વિદ્રોહીઓએ પણ ગાઈડેડ મિસાઈલો માટે સોફ્ટવેર તૈયાર કરવા માટે એન્થ્રોપિક (Anthropic) ના AI ચેટબોટ ક્લૉડ (Claude) નો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સાથે જ ખતરનાક હથિયારો અને જાસૂસી જેવા કામો માટે પણ AI નો દુરુપયોગ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. એન્થ્રોપિક (Anthropic) દ્વારા ગુરુવારે જાહેર કરવામાં આવેલા 154 પેજના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, યમન સ્થિત એક જૂથે Claude Code નો દુરુપયોગ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ જૂથે ગાઈડેડ રોકેટ અને અન્ય મિસાઈલ પ્રોગ્રામ માટે ગાઈડન્સ, નેવિગેશન અને સોફ્ટવેર કોડિંગ બનાવવા માટે AI ની મદદ લીધી હતી.

### કોંગોમાં 2 સ્કૂલમાં ભીષણ આગ, 19 છોકરી અને 7 છોકરા ભડકે બળ્યા, 300 ઘર સળગી ગયા

કોંગોના બુકાવુ શહેરમાં ગુરુવારે બે શાળાઓમાં આગ લાગવાથી 26 વિદ્યાર્થીઓના મોત થયા. તેમાં 19 છોકરીઓ અને 7 છોકરાઓ છે. 29 વિદ્યાર્થીઓની સારવાર ચાલી રહી છે. રિપોર્ટ્સ અનુસાર આગ પહેલા એક ઘરમાં લાગી હતી. ત્યારબાદ તે ફુરાહા સેકન્ડરી સ્કૂલ અને ઉજામા પ્રાઈમરી સ્કૂલ સુધી ફેલાઈ ગઈ. ઘણા વિદ્યાર્થીઓ ફુરાહા સેકન્ડરી સ્કૂલની અંદર ફસાઈ ગયા હતા. તેમાંથી કેટલાકનો શ્વાસ રૂંધાઈ ગયો હતો. આ વિસ્તાર રવાન્ડા-સમર્થિત AFC/M23 વિદ્રોહીઓના નિયંત્રણમાં છે, જેમણે ફેબ્રુઆરી 2025માં પૂર્વી કોંગોમાં હુમલો કર્યો હતો. મૃત્યુઆંક વધી શકે છે. રિપોર્ટ્સ અનુસાર, શાળામાંથી બહાર નીકળવાનો રસ્તો ખૂબ જ સાંકડો હતો. કેટલાક વિદ્યાર્થીઓએ બારીઓમાંથી કૂદવાનું શરૂ કર્યું. કેટલાક વિદ્યાર્થીઓ દરવાજા તરફ દોડ્યા. બધા એકસાથે બહાર નીકળવાના પ્રયાસમાં ઘણા વિદ્યાર્થીઓ પડી ગયા અને લોકો તેમના પરથી પસાર થઈ ગયા. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. જે વિસ્તારમાંથી આગ શરૂ થઈ તે ગીચ વસ્તીવાળો છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## સંસ્કારી નગરી વડોદરામાં પ્રખ્યાત 'દાસ પેંડા' દુકાનનો મોટો વિવાદ: ખરીદેલી કાજુ કતરીમાંથી નીકળી ફૂગ

વડોદરા

વડોદરા શહેરની અત્યંત જાણીતી અને નામાંકિત 'દાસ પેંડા' દુકાન વિવાદના ઘેરાવામાં આવી છે. પોતાની મીઠાઈઓ અને ગુણવત્તા માટે વડોદરાવાસીઓમાં લોકપ્રિય ગણાતી આ દુકાનમાંથી ખરીદાયેલી મીઠાઈમાંથી ફૂગ અને અસહ્ય દુર્ગંધ નીકળતાં લોકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. નામ મોટા અને દર્શન છોટા જેવી સ્થિતિ સામે આવતાં જ ગ્રાહકે સ્થળ પર હોબાળો મચાવીને તંત્રના દરવાજા ખખડાવ્યા છે.

મળતી માહિતી મુજબ, એક ગ્રાહકે દાસ પેંડાની દુકાનેથી કાજુ કતરી ખરીદી હતી. પરંતુ જ્યારે બોક્સ ખોલીને મીઠાઈ ખાવા જતાં જ તેમાંથી તીવ્ર દુર્ગંધ આવવા લાગી હતી. ઊંડાણપૂર્વક તપાસતાં કાજુ કતરીના ટુકડાઓ પર ફૂગ બાઝેલી સ્પષ્ટ દેખાઈ આવી હતી.

નિયમોના ધજાગરા: ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) ના નિયમો મુજબ ખુલ્લી કે પેક કરેલી મીઠાઈના બોક્સ પર 'બેસ્ટ બીફોર' કે 'એક્સપાયરી ડેટ' લખવી ફરજિયાત છે. પરંતુ દાસ પેંડા દ્વારા વેચાયેલા આ મીઠાઈના બોક્સ પર કોઈ જ એક્સપાયરી ડેટ દર્શાવવામાં આવી નહોતી, જે તંત્રની આંખમાં ધૂળ નાખવા સમાન છે.

## ભાજપના નેતાઓ ખેડૂતોને 50 હજાર સહાય આપે અને રીલ બનાવે,' ઇટાલિયાનો ભાજપ સરકાર પર આકરો પ્રહાર!

અમદાવાદ

ગુજરાતમાં ચોમાસાના ભારે વરસાદ બાદ ખેડૂતોના પાકને થયેલા વ્યાપક નુકસાન અને વળતર ચૂકવવાની પ્રક્રિયા સામે આમ આદમી પાર્ટી (AAP) ના સીનિયર નેતા ગોપાલ ઈટાલિયાએ ભાજપ સરકાર પર આકરો પ્રહાર કર્યો છે. તાજેતરમાં આપેલા એક નિવેદનમાં ગોપાલ ઈટાલિયાએ ભાજપના નેતાઓ પર કટાક્ષ કરતા કહ્યું કે, 'જો ભાજપના નેતાઓને સોશિયલ મીડિયા પર રીલ બનાવવાનો અને પબ્લિસિટી કરવાનો આટલો જ શૌખ હોય, તો પોતાના ખિસ્સામાંથી કે પાર્ટીના ફંડમાંથી પીડિત ખેડૂતોને ૫૦-૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાય આપે અને પછી ભલે હોંશે હોંશે રીલ બનાવે!'

રાજ્યમાં અતિવૃષ્ટિ અને ભારે વરસાદના કારણે જગતના તાત ગણાતા ખેડૂતોનો તૈયાર પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે. ખેડૂતો દેવાના બોજ તળે દબાઈ રહ્યા છે ત્યારે સરકાર દ્વારા અપાતી સહાયની નીતિ અને પ્રક્રિયા સામે વિપક્ષે મોરચો મંડ્યો છે.

પબ્લિસિટી સ્ટંટ સામે વાંધો: ગોપાલ ઈટાલિયાએ આક્ષેપ કર્યો કે ભાજપના નેતાઓ અને મંત્રીઓ માત્ર કેમેરા સામે આવીને ખેડૂતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવાનો અને સોશિયલ મીડિયા પર પ્રચાર કરવાનો ક્રેઝ ધરાવે છે.

વાસ્તવિક મદદ ક્યાં? ખેડૂતોને ખરેખર જરૂર છે ત્યારે તંત્ર સર્વેના નામે સમય વિતાવી રહ્યું છે અને મજાક સમાન સહાય આપી રહ્યું છે.

ગોપાલ ઈટાલિયાનું ચેલેન્જ: જો ભાજપના નેતાઓ ખરેખર ખેડૂત હિતૈષી હોય તો તેમણે સરકારી સહાયની રાહ જોયા વગર પોતે આગળ આવીને દરેક પીડિત ખેડૂત પરિવારને રૂ. ૫૦,૦૦૦ની મદદ આપવી જોઈએ અને પછી સોશિયલ મીડિયામાં તેનો પ્રચાર કરવો જોઈએ.

## બહુચરાજીમાં તંત્રનું અણઘડ આયોજન: કરોડોના ખર્ચે બનેલા નવા જ RCC રોડ પર ફરી વળ્યું બુલડોઝર, ગટર લાઇન માટે આખો રસ્તો તોડી પડાયો!

બહુચરાજી

યાત્રાધામ બહુચરાજીમાં સ્થાનિક વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગના અધિકારીઓની ઘોર બેદરકારી અને અણઘડ આયોજનનું એક નમૂનારૂપ કૌભાંડ/ઉદાહરણ સામે આવ્યું છે. પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાના ખર્ચે હજુ તાજેતરમાં જ તૈયાર કરવામાં આવેલા મજબૂત આરસીસી (RCC) રોડ પર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. રોડ બન્યાના ગણતરીના દિવસોમાં જ ગટર લાઇન નાખવાના નામે આખા રસ્તા ખોદી કાઢતાં સ્થાનિક રહીશો અને વેપારીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

કોઈપણ વિકાસકાર્ય શરૂ કરતાં પહેલાં અંડરગ્રાઉન્ડ લાઈનો (જેમ કે ગટર, પીવાનું પાણી, કેબલ) નું આયોજન કરવાનું હોય છે. પરંતુ બહુચરાજીમાં તંત્રના અધિકારીઓનો બુદ્ધિનો અભાવ હોય તેમ એક તરફ નવોચક્કો રોડ બનાવી દેવાયો અને બીજી તરફ હવે તેને ગટર લાઈન નાખવા માટે બુલડોઝરથી તોડવામાં આવી રહ્યો છે.

નગરજનો અને શ્રદ્ધાળુઓ બેહાલ: યાત્રાધામ હોવાના કારણે અહીં રોજના હજારો શ્રદ્ધાળુઓ આવે છે. રોડ તોડી પાડતાં ધૂળની ડમરીઓ, ટ્રાફિક જામ અને અકસ્માતનો ભય સતત તોળાતો રહે છે.

## પુનિયાદના મહાદેવ મંદિરમાં દાનપેટી તોડી ₹30 હજારની ચોરી! ચોર CCTVમાં કેદ

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના પુનિયાદ ગામે તારીખ 10 સપ્ટેમ્બર 2026 બપોરના 12 કલાકે કોઈ અજાણ્યો ઈસમ શ્રી તારકેશ્વર મહાદેવ મંદિરમાં પ્રવેશી લોખંડના સળિયા થી દાન પેટીનો નકુચો તોડી આખા શ્રાવણ માસ દરમિયાન આવેલ અંદાજે રૂપિયા 30,000 ઉપરાંતની ચોરી કરી ગયો છે, પરંતુ મંદિરમાં મુકાયેલા સીસીટીવી કેમેરામાં આ ચોર મંદિરમાં પ્રવેશતાં, દાનપેટી તોડતા અને ચોરી કરીને બહાર જતા દેખાઈ આવે છે.

ચોરીની જાણ થતાં ગ્રામજનો દ્વારા સેગવા આઉટ પોસ્ટ પોલીસ ચોકી મુકામે જઈને શિનોર પોલીસને જાણ કરી હતી, પરંતુ ચોરીની ફરિયાદ અને તેમાંય મંદિર ની FIR મોટાભાગે શિનોર પોલીસ લખતી ના હોવાના કારણે અરજી ઉપર તપાસ ચાલુ છે. જોકે સીસીટીવી કેમેરામાં દેખાતો વ્યક્તિ સ્થાનિક હોવાનું દેખાઈ આવે છે ,અને પોલીસ આ ગુનો ડિટેક્ટ કરશે એવું લાગી રહ્યું છે. શ્રાવણ માસમાં મળેલ દાન પેટીની મોટી રકમ અજાણ્યો ઈસમ ચોરી કરીને લઈ જતાં ગામમાં ચર્ચાનો વિષય બનેલ છે.

### દલિત છું એટલે મકાન આપવાની ના પાડી...'

# બાનાખત થયા બાદ સોદો રદ કરાયો! સુરતમાં ડૉક્ટર સાથે જાતિગત ભેદભાવનો સણસણતો આક્ષેપ



### 'સોસાયટીના સભ્યોનું પ્રેશર છે!' મકાન માલિકે સોદો કેન્સલ કરતાં વિવાદ: બંધારણના ધજાગરા ઉડાવતા કિસ્સાથી સુરતમાં ભારે ચકચાર!

સુરત

સ્માર્ટ સિટી સુરતમાંથી માનવતા અને દેશના બંધારણને લજવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વ્યવસાયે ડૉક્ટર એવા હિતેશભાઈ નામના દલિત યુવકે અત્યંત ગંભીર આરોપ લગાવ્યો છે કે, માત્ર 'દલિત' હોવાના કારણે તેમને ખરીદેલું મકાન આપવાની સાફ ના પાડી દેવામાં આવી છે. મકાન વેચવાનું નક્કી થઈ ગયું હતું, એટલું જ નહીં પરંતુ બાનાપેટે (Advance Amount) રકમ ચૂકવી દેવાઈ હોવા છતાં, સોસાયટીના અન્ય રહીશોના દબાણમાં આવીને મકાન માલિકે આ સોદો અચાનક રદ કરી દીધો હતો.

### બાનાપેટે રકમ લીધા બાદ સોદો કેન્સલ: "સોસાયટી વાળા દબાણ કરે છે!"

પીડિત ડૉક્ટર હિતેશભાઈના જણાવ્યા અનુસાર, તેમણે સુરતના એક વિસ્તારમાં પોતાના પરિવાર માટે મકાન પસંદ કર્યું હતું. મકાન માલિક સાથે યોગ્ય વાટાઘાટો થયા બાદ બાનાખત પણ થઈ ગયું હતું. પરંતુ જ્યારે સોસાયટીના અન્ય સભ્યોને ખબર પડી કે ખરીદનાર દલિત સમાજના છે, ત્યારે સોસાયટીમાં વિરોધનો સૂર ઊઠ્યો હતો. મકાન માલિકે હિતેશભાઈને સ્પષ્ટ કહી દીધું કે, "સોસાયટીના સભ્યોનું ભારે પ્રેશર છે, એટલે આ મકાન તમને આપી શકાય તેમ નથી" અને બાનાની રકમ પરત આપી સોદો રદ કરી નાખ્યો હતો.

### સોસાયટીના ચેરમેનની સફાઈ અને કાયદાકીય પાસાં

આ મામલે જ્યારે સોસાયટીના ચેરમેનનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે જાતિગત ભેદભાવના આક્ષેપોને નકારતા જણાવ્યું હતું કે, "સોસાયટીમાં કોઈ ચોક્કસ નિયમો કે એસોસિએશનના નિર્ણયો હોય છે, કોઈ પર્સનલ જાતિગત દ્વેષ નથી." પરંતુ સવાલ એ ઊભો થાય છે કે શું કોઈ સોસાયટીના નિયમો દેશના બંધારણથી ઉપર હોઈ શકે?

### કાયદાકીય કાર્યવાહી શું થઈ શકે?

એટ્રોસિટી એક્ટ (SC/ST Prevention of Atrocities Act): જો જાતિના આધારે કોઈ વ્યક્તિને મકાન આપવાની ના પાડવામાં આવે, માનસિક પ્રતાડના આપવામાં આવે કે ભેદભાવ કરાય, તો SC/ST અત્યાચાર નિવારણ ધારા હેઠળ સીધી ફોજદારી (FIR) નોંધી શકાય છે.

બંધારણીય અધિકાર (Article 15 & 19): ભારતીય બંધારણની કલમ ૧૫ મુજબ જાતિ, ધર્મ કે જ્ઞાતિના આધારે ભેદભાવ કરવા પર મનાઈ છે. કલમ ૧૯(૧)(e) મુજબ દરેક નાગરિકને દેશમાં ગમે ત્યાં વસવાટ કરવાનો અને મિલકત ખરીદવાનો અધિકાર છે.

બાનાખત થયા બાદ કરાર ભંગ કરવા બદલ મકાન માલિક અને ગેરકાયદે દબાણ લાવનાર સોસાયટીના સભ્યો સામે કોર્ટમાં દીવાની દાવો પણ થઈ શકે છે.૨૧મી સદીમાં અને ડિજિટલ ઈન્ડિયાના યુગમાં પણ જો શિક્ષિત ડૉક્ટર સાથે તેમની જ્ઞાતિના આધારે આવો ભેદભાવ થતો હોય, તો આ બાબત સમગ્ર સમાજ માટે શરમજનક છે.

**'પાક્કો ગુજરાત' પ્રશાસન અને પોલીસ તંત્રને સીધો સવાલ પૂછે છે—શું બંધારણને નેવે મૂકીને ચાલતી આવી મનોવૃત્તિ ધરાવતી સોસાયટીઓ કે સભ્યો સામે કડક કાયદાકીય સકંજો કસવામાં આવશે? આવી અસ્પૃશ્યતા અને ભેદભાવ સામે સુરત પોલીસ દાખલારૂપ કાર્યવાહી કરશે કે કેમ?**

## વડોદરામાં ડામર રોડ કે કૌભાંડનો ચીકણો ખેલ? અકોટા-મુજમહુડા રોડ પર ડામર ઓગળતાં વાહનચાલકો બેહાલ

### ડ્રેનેજ કામગીરી બાદ બનેલો નવો રોડ ઓગળવા લાગ્યો: ભેળસેળના ગંભીર આક્ષેપો સાથે કોંગ્રેસના વોર્ડ પ્રમુખ રાકેશભાઈએ સ્થળ પર પહોંચી તંત્ર અને કોન્ટ્રાક્ટરની પોલ ખોલી!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરોની હલકી ગુણવત્તાવાળા કામોની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અકોટાથી મુજમહુડા તરફ જતાં મુખ્ય માર્ગ પર સપ્તગીરી પાસે તાજેતરમાં જ ડ્રેનેજ લાઈનનું કામ પૂર્ણ થયા બાદ ડામર રોડ બનાવવામાં આવ્યો હતો. પરંતુ ગણતરીના દિવસોમાં જ આ નવોચક્કો ડામર રોડ પીગળવા (ઓગળવા) લાગતાં માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકો અને રાહદારીઓ માટે ભારે મુશ્કેલી સર્જાઈ છે.

રોડ પરથી પસાર થતી વખતે ચીકણો ડામર વાહનોના ટાયર સાથે ચોંટી રહ્યો છે, જેના કારણે બાઈક અને સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવવાથી અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. ચોમાસા કે ગરમીના સામાન્ય તાપમાનમાં જ આ રીતે ડામર ઓગળવા માંડતાં રોડની બનાવટ અને સામગ્રીની ગુણવત્તા સામે ગંભીર સવાલો



ઊભા થયા છે. વાહનચાલકો અત્યંત સાવચેતીપૂર્વક અને ધીમી ગતિએ વાહનો ચલાવવા મજબૂર બન્યા છે.


માર્ગ પર ડામર ઓગળી રહ્યો હોવાની જાણ થતાં જ વોર્ડ નંબર ૧૨ ના કોંગ્રેસના વોર્ડ પ્રમુખ રાકેશભાઈ તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે રોડની બિન-ગુણવત્તાયુક્ત સ્થિતિનું નિરીક્ષણ કરી પાલિકા તંત્ર અને કોન્ટ્રાક્ટર સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો:

ભેળસેળનો સીધો આક્ષેપ: રાકેશભાઈએ આક્ષેપ કર્યો હતો કે ડામરમાં મોટા પાયે હલકી કક્ષાની સામગ્રી કે કેમિકલ/તેલની ભેળસેળ કરવામાં આવી છે, જેને કારણે ડામર જામવાને બદલે પીગળી રહ્યો છે.

કૌભાંડની તપાસની માગ: કોન્ટ્રાક્ટર દ્વારા પ્રજાના ટેક્સના પૈસાનો દુરુપયોગ કરીને ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના આકરા સવાલો ઉઠાવીને તેમણે આ કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી અને બ્લેકલિસ્ટ કરવાની માગ કરી હતી.

વડોદરા મહાનગરપાલિકા (VMC) દ્વારા કરોડો રૂપિયાના બજેટથી રોડ રસ્તા બનાવવામાં આવે છે, પરંતુ દર વખતે નબળી સામગ્રી અને ભ્રષ્ટ નીતિના કારણે રોડ ધોવાઈ જાય છે અથવા તો આ રીતે ઓગળવા લાગે છે.

## જમીનના કાગળમાં હવે નહીં ચાલે ગોટાળો! કેન્દ્રની DILRMP 3.0 યોજના હેઠળ દરેક જમીનને મળશે 14 અંકનો 'ભૂ-આધાર' નંબર



અમદાવાદ

જમીનના દસ્તાવેજોમાં થતી છેતરપિંડી, ખોટા રેકોર્ડ અને વર્ષો સુધી ચાલતા જમીન વિવાદો સામે કેન્દ્ર સરકારે હવે મોટું ડિજિટલ પગલું ભર્યું છે. કેન્દ્ર સરકારના ભૂ-સંસાધન વિભાગ દ્વારા Digital India Land Records Modernization Programme એટલે કે DILRMP 3.0 માટે નવી માર્ગદર્શિકા શરૂ કરવામાં આવી છે. વર્ષ 2026થી 2031 સુધી ચાલનારી આ પાંચ વર્ષની યોજનાનું અંદાજિત નાણાકીય કદ 565.50 કરોડ છે. હવે દેશના દરેક જમીનના ટુકડાને 14 અંકનો યુનિક લેન્ડ આઈડેન્ટિફિકેશન નંબર આપવાનો ફ્રેમવર્ક તૈયાર કરવામાં આવ્યો છે. આ નંબર જમીનની ચોક્કસ ઓળખ સાથે જોડાયેલો રહેશે. એટલે એક જમીનની ઓળખ બીજી જમીનથી અલગ અને સ્પષ્ટ રીતે થઈ શકશે. જેમ વ્યક્તિ માટે આધાર નંબર એક અલગ ઓળખ આપે છે, તેવી જ રીતે જમીન માટે 14 અંકનો 'ભૂ-આધાર' નંબર જમીનની યુનિક ઓળખ બનાવશે.

## બ્રિજ નિર્માણમાં કરોડોનું કૌભાંડ : સુરત આઉટર રિંગ રોડ પર ભ્રષ્ટાચારની ગંધ!!

### થીંગડા મારીને પાપ છુપાવવાનો મરણિયો પ્રયાસ! : ટેક્સપેયર્સના લોહી-પસીનાની કમાણીનો ખુલ્લેઆમ વેડફાટ: ગાંધીનગરથી લઈને દિલ્હી સુધી શાસકોનું મૌન અકળાવનારું!

સુરત

સુરતમાં આઉટર રિંગ રોડ પ્રોજેક્ટ હેઠળ બની રહેલા વિશાળ બ્રિજનું નિર્માણ કાર્ય અત્યારે ભારે વિવાદમાં સપડાયું છે. પ્રજાના કરોડો રૂપિયાના ખર્ચે આકાર લઈ રહેલા આ બ્રિજના કામકાજમાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના સણસણતા આરોપો સામે આવ્યા છે. નિર્માણધીન તબક્કે જ બ્રિજના માળખામાં તિરાડો અને ગંભીર ખામીઓ છતી થતાં લોકમુખે ચર્ચા શરૂ થઈ છે કે કામની ગુણવત્તા તપાસવાને બદલે માત્ર રાતોરાત 'થીંગડા' મારીને કૌભાંડ પર પડદો પાડી દેવાનો હીન પ્રયાસ તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે.

સૌથી ગંભીર બાબત એ છે કે લાખો વાહનચાલકોની જિંદગી જોખમમાં મૂકાય તે પ્રકારનો આ નબળો બ્રિજ બની રહ્યો હોવા છતાં જવાબદારો સામે કોઈ જ પગલાં લેવાયા નથી.

દંડ કે બ્લેકલિસ્ટ નહીં: નિયમ મુજબ ગુણવત્તા સાથે ચેડાં કરનાર એજન્સીને તરત જ નોટિસ આપી બ્લેકલિસ્ટ કરવી જોઈએ, પરંતુ અહીં કોન્ટ્રાક્ટર સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. અધિકારીઓ અને મંત્રીઓની ચૂપકીદી: ગાંધીનગરમાં બેસીને ઝીરો



ટોલરન્સની વાતો કરતા મંત્રીઓ અને સચિવાલયના ઉચ્ચ અધિકારીઓ આ મામલે કાંઈ પણ બોલવા તૈયાર નથી. શું ભ્રષ્ટ એજન્સી પર શાસકોના ચાર હાથ છે?

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરી દેશભરમાં ગુણવત્તાસભર રોડ-બ્રિજ માટે જાણીતા છે અને નબળું કામ કરનારા કોન્ટ્રાક્ટરો પર કડક કાર્યવાહી માટે ઓળખાય છે. પરંતુ સુરતના આઉટર રિંગ રોડના આ કૌભાંડ અંગે કેન્દ્ર સરકાર અને ગડકરીજીના મંત્રાલય દ્વારા હજુ સુધી કોઈ સંજ્ઞાન લેવામાં આવ્યું નથી. પ્રજા સવાલ પૂછી રહી છે કે શું આ કેસમાં કડક ઈન્ક્વાયરીના આદેશ અપાશે કે પછી કાગળ પર તપાસ પૂરી થઈ જશે?

### પાક્કો ગુજરાત'ના ધારદાર અહેવાલની સણસણતી અસર

## નરાધમ અણઘડ તંત્ર જાગ્યું, ઝઘડિયાના રાજપારડી ગરનાળામાંથી પાણી કાઢવાની કવાયત શરૂ!

ભરૂચ

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી ગામે માધવપુરા ફાટક નજીક આવેલા રેલવે ગરનાળાની ગંભીર દુર્દશા અને પ્રજાની દર્દનાક હાલાકી અંગે 'પાક્કો ગુજરાત' દ્વારા પ્રમુખતાથી અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. ગરનાળામાં બારેમાસ ભરાઈ રહેતા કાદવ-કીચડ, દુર્ગંધ મારતા ગંદા પાણી અને રસ્તા પર પેદા થયેલા મસમોટા ખાડાઓ સામે અવાજ ઉઠાવતાં જ ઊંઘતું ઝડપાયેલું સરકારી તંત્ર આખરે હરકતમાં આવ્યું છે.



અહેવાલમાં ઉઠાવેલા મુદ્દાઓની ગંભીરતા સમજીને સંબંધિત વિભાગના અધિકારીઓ તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગરનાળામાં ભરાયેલા કાદવ-પાણીનો નિકાલ કરવા માટે સક્શન મશીન અને પમ્પિંગ સિસ્ટમ ગોઠવીને પાણી ખાલી કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. મશીનરી મુકાતાં જ વાહનચાલકો અને રાહદારીઓને કાદવ-કીચડમાંથી મુક્તિ મળવાની આશા બંધાઈ છે.

દર વખતે ચોમાસામાં કે ચોમાસા વગર અહીં પાણી ભરાઈ રહે છે. માત્ર પમ્પ મૂકીને પાણી બહાર ફેંકી દેવાથી રોડ પરના ખાડા કે ગરનાળાની માળખાકીય ખામી દૂર થઈ જશે? સ્થાનિકોની ઉગ્ર માગ: "જૂનો રસ્તો ચાલુ કરો, કાયમી મુક્તિ આપો!" સ્થાનિક રહીશો અને ગામના અગ્રણીઓએ સ્થળ પર હાજર અધિકારીઓ સામે પોતાની રોષપૂર્ણ વ્યથા ઠાલવી હતી. જૂનો રસ્તો પુનઃ શરૂ કરવાની માગ: સ્થાનિકોએ અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, ગરનાળાના પાણી કાઢવાનો આ ડ્રામા દર વખતે થાય છે.

# ગુજરાત વિધાનસભામાં 'વંદે માતરમ્' મુદ્દે મહાસંગ્રામ: ઈમરાન ખેડાવાલા સામે ભાજપની શિસ્તભંગની કડક કાર્યવાહીની માગ

## ■ જીગ્નેશ મેવાણીનો ધારદાર પલટવાર: "કોંગ્રેસે વંદે માતરમ્ ગાતા ગાતા પીઠ પર દંડા અને છાતી પર ગોળીઓ ખાધી છે!"

અમદાવાદ

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રારંભે જ 'વંદે માતરમ્'ના ગાન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા નીચા બેસી જવાના મુદ્દે મોટો રાજકીય બબાલ ઊભો થયો છે. એક તરફ સત્તાધારી પક્ષ ભાજપે આ ઘટનાને રાષ્ટ્રગીત/રાષ્ટ્રગાનનું ઘોર અપમાન ગણાવી ઈમરાન ખેડાવાલા સામે વિધાનસભાની પ્રિવિલેજ અથવા એથિક્સ કમિટી દ્વારા શિસ્તભંગ અને કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે. તો બીજી તરફ, આ મુદ્દે કોંગ્રેસના આક્રમક ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ભાજપ અને RSS પર આકરા પ્રહારો કરીને સત્રમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે.

વિધાનસભા ગૃહની કાર્યવાહી શરૂ થતાં જ વંદે માતરમ્ ગાન રજૂ કરવામાં આવ્યું હતું. પ્રથમ બે પંક્તિઓ બાદ કોંગ્રેસ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા નીચા બેસી જતાં ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ભાજપના સિનિયર



નેતાઓએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી આકરી ટીકા કરી હતી.

ભાજપનો આરોપ: ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ભાજપ નેતાઓએ આક્ષેપ કર્યો કે, 'વંદે માતરમ્ દેશની અસ્મિતાનું પ્રતીક છે અને તેનું અપમાન ચલાવી લેવાય નહીં. આ ઘટના અંગે ધારાસભ્ય સામે શિસ્તભંગના કડક પગલાં ભરી દાખલો બેસાડવો જોઈએ.'

ખેડાવાલાની સફાઈ: ઈમરાન ખેડાવાલાએ દાવો કર્યો કે તેઓ ગાંધીજી, સરદાર પટેલ અને જવાહરલાલ નેહરુના સમયથી ગવાતા પ્રથમ બે કડીના વંદે માતરમ્નું પૂરૂં સન્માન કરે છે અને તે માટે ઊભા પણ રહ્યા હતા, પણ બાદમાં ઉમેરાયેલી પંક્તિઓ વખતે બેસી જવું એ તેમનો અંગત નિર્ણય હતો. જીગ્નેશ મેવાણીનો ધારદાર પલટવાર: "કોંગ્રેસે વંદે માતરમ્ ગાતા ગાતા પીઠ પર દંડા અને છાતી પર ગોળીઓ ખાધી છે!" આ મુદ્દે કોંગ્રેસ પક્ષ વતી બોલતા ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ રાષ્ટ્રભક્તિના મુદ્દે ભાજપ અને આરએસએસને આડે હાથ લીધા હતા: જાણતા-અજાણતા બનેલી ઘટના પર ખેદ: મેવાણીએ સ્પષ્ટ કર્યું કે ખેડાવાલા દ્વારા જાણતા-અજાણતા જે સ્થિતિ સર્જાઈ તેના માટે કોંગ્રેસ પક્ષ ખેદ વ્યક્ત કરે છે અને કોંગ્રેસે હંમેશા વંદે માતરમ્નું સન્માન કર્યું છે. ઈતિહાસ યાદ અપાવ્યો: મેવાણીએ ગર્જના કરતા કહ્યું કે, 'દેશની આઝાદીની ચળવળમાં જો કોઈ પક્ષે 'વંદે માતરમ્'નો નારો ગુંજતો રાખીને અંગ્રેજોના દંડા પીઠ પર સહન કર્યા હોય અને છાતી પર ગોળીઓ ખાધી હોય તો તે માત્ર ને માત્ર કોંગ્રેસ છે! દેશભક્તિનું પ્રમાણપત્ર ભાજપે આપવાની જરૂર નથી.' ૧૧ કરોડનો સણસણતો પડકાર: ભાજપ અને RSSના દેશભક્તિના દાવાઓ સામે આકરા પ્રહારો કરતા મેવાણીએ પડકાર ફેંક્યો કે, 'જો RSS પાસે એવા ૧૧ શહીદોના નામ હોય જેમણે આઝાદીની લડતમાં વંદે માતરમ્ બોલતા બોલતા બલિદાન આપ્યું હોય, તો એ ૧૧ નામ જાહેર કરો અને મારી પાસેથી ૧૧ કરોડનું ઈનામ લઈ જાઓ!' રાજકીય રોટલા શેકવા માટે રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન જેવા સંવેદનશીલ મુદ્દાઓને ગૃહમાં ચર્ચાનો વિષય બનાવાઈ રહ્યા છે? એક તરફ શાસક પક્ષ કાર્યવાહીની માંગ પર અડગ છે અને બીજી તરફ વિપક્ષ પોતાના ઐતિહાસિક બલિદાનોની યાદ અપાવી રહ્યો છે.

### પાલિકા અને હાઈવે ઓથોરિટીની ઘોર બેદરકારી સામે જનરોષ

# ડભોઇના નાદોદી ભાગોળથી છાત્રાલય સ્ટેટ હાઇવે પર અંધારપટ

ડભોઇ

વિશ્વપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા મુખ્ય માર્ગ પર આવેલા ડભોઇના નાદોદી ભાગોળથી છાત્રાલય સુધીના સ્ટેટ હાઈવે પર છેલ્લા એક અઠવાડિયાથી સ્ટ્રીટ લાઈટો સંપૂર્ણપણે બંધ હાલતમાં પડી છે. કરોડોના ખર્ચે બનેલા આ હાઈવે પર રાત્રિના સમયે ઘોર અંધારપટ છવાઈ જતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે ત્રાસ ભોગવી રહ્યા છે.



સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતો આ મુખ્ય માર્ગ હોવાથી અહીં દિવસ-રાત નાના-મોટા વાહનોની સતત અવરજવર રહે છે. રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટો ગાયબ થઈ જતાં વાહનચાલકોને સામેથી આવતાં વાહનો કે રસ્તાના વળાંકો દેખાતા નથી. જેના કારણે ગંભીર અકસ્માત સર્જાવાની પૂરેપૂરી શક્યતા ઊભી થઈ છે. તંત્ર કોઈ મોટા અકસ્માત કે નિર્દોષનો બલિદાન લેવાય તેની રાહ જોઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

હાઈવેની આસપાસ આવેલી સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારના નાગરિકો માટે રાત્રે ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે. મહિલાઓ, બાળકો અને વૃદ્ધો માટે અંધારામાં અવરજવર કરવી ભયજનક સાબિત થઈ રહી છે. સ્થાનિકોમાં એવો પણ ભય પ્રવર્તી રહ્યો છે કે આ અંધારાનો સીધો લાભ ઉઠાવીને અસામાજિક તત્વો ચોરી કે લૂંટફાટ જેવા ગુનાઓને અંજામ આપી શકે છે.

સ્ટેટ હાઈવે ઓથોરિટી અને સ્થાનિક નગરપાલિકાએ મોટી વાહવાહ લૂંટવા માટે લાઈટોના થાંભલા તો ઊભા કરી દીધા, પરંતુ તેની યોગ્ય જાળવણી કરવામાં સાવ નિષ્ફળ નીવડ્યા છે. સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે રજૂઆતો કરવા છતાં જવાબદાર અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી.

સ્થાનિક તંત્રની આ બિનજવાબદાર નીતિ સામે રહીશોમાં ભારે આક્રોશ અને રોષની લાગણી વ્યાપી ગઈ છે.

### મેનેજર બાદ હવે ડીલર પણ આરોપી બોક્સમાં!

# નડિયાદમાં ટાટા પ્રોગ્રેસિવ શોરૂમમાં કરોડોનું કૌભાંડ? 24 કલાકમાં બીજી હાઈ-પ્રોફાઈલ FIR

નડિયાદ

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદમાં આવેલા ચર્ચિત 'પ્રોગ્રેસિવ ટાટા શોરૂમ'નો વિવાદ હવે અતિ ગંભીર અને હાઈ-પ્રોફાઈલ વળાંક લઈ ચૂક્યો છે. ગ્રાહકો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરવાના આ મામલામાં માત્ર 24 કલાકના ટૂંકા ગાળામાં જ મેનેજર સામે બીજી કડક પોલીસ ફરિયાદ નોંધાતા સમગ્ર વિસ્તારમાં અને ઓટોમોબાઈલ ક્ષેત્રે ભારે ચકચાર




મચી ગઈ છે. વકીલ બન્યા છેતરપિંડીનો ભોગ: ૪.60 લાખની કારનો સાદો હિસાબ જ ગોળ કરી દીધો! પ્રાપ્ત વિગતો અનુસાર, આ વખતે છેતરપિંડીની જાળમાં નડિયાદ કોર્ટના જાણીતા વકીલ નીતિરાજ મિસ્ત્રી ફસાયા છે. તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ, શોરૂમના મેનેજર રાજન જોશીએ તેમને નવી કાર પર આકર્ષક અને ભારે ડિસ્કાઉન્ટ આપવાની તેમજ તેમની જૂની કારનો બેસ્ટ રીસેલ ભાવ અપાવવાની મોટી-મોટી લાલચો આપી હતી. મેનેજર રાજન જોશીએ વકીલ નીતિરાજ મિસ્ત્રીની જૂની કાર આણંદના એક ડીલરને ૪.60 લાખમાં વેચાવી દીધી હતી. પરંતુ, આ વેચાણમાંથી ઉપજેલી ૪.60 લાખની માતબર રકમ નવી કારના હિસાબમાં જમા કરવાના બદલે અથવા ફરિયાદીને આપવાના બદલે મેનેજર પોતે જ આખી રકમ ઓહિયા કરી ગયો હતો. આ સમગ્ર પ્રકરણમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે નવી ફરિયાદમાં માત્ર મેનેજર રાજન જોશી જ નહીં, પરંતુ ટાટા પ્રોગ્રેસિવ શોરૂમના મુખ્ય ડીલર તેમજ શોરૂમના અન્ય કર્મચારી જીગરને પણ સત્તાવાર રીતે આરોપી બનાવવામાં આવ્યા છે.

### કુલ ₹4.59 લાખનો મુદ્દામાલ કબ્જે!

# ડભોઈમાં દારૂબંધીના ધજાગરા: નંબર પ્લેટ વગરની ટાટા પંચમાંથી ₹1.59 લાખનો વિદેશી દારૂ ઝડપાયો



વડોદરા/ડભોઈ

ગુજરાતમાં દારૂબંધીનો કડક અમલ કરાવવા માટે પોલીસ તંત્ર એક્શન મોડમાં છે, ત્યારે ડભોઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બુટલેગરોની મેલી મુરાદ પર પોલીસે પાણી ફેરવી દીધું છે. ડભોઈ બીટ-02 વિસ્તાર હેઠળ આવતા સીંધીયાપુરા ગામ નજીકથી પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને નંબર પ્લેટ વગરની શંકાસ્પદ કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, મોડી રાત્રે સીંધીયાપુરા ગામ પાસે ડભોઈ પોલીસે મજબૂત વોચ ગોઠવી હતી. તે દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી એક નંબર પ્લેટ વગરની ટાટા પંચ ફોર-વ્હીલર ગાડીને પોલીસે રોકી હતી. ગાડીની બારીકાઈથી તલાશી લેતાં અંદરથી ભારતીય બનાવટના વિદેશી દારૂના ક્વાટર અને બિયરના ટીન મળીને કુલ 624 નંગ જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત 1,59,024/- થાય છે.

પોલીસે સ્થળ પરથી 1,59,024/- ની કિંમતનો વિદેશી દારૂ-બિયરનો જથ્થો તેમજ દારૂની હેરાફેરીમાં વપરાયેલી 3,00,000/- ની કિંમતની ટાટા પંચ કાર મળીને કુલ 4,59,024/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી એક આરોપીને પકડી પાડ્યો છે, જ્યારે દારૂના આ કાળા કારોબારમાં સંકળાયેલા અન્ય ત્રણ આરોપીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા છે.

# ખાખી દાગી ગઈ! પાંડેસરા પોલીસ સ્ટેશનના દરવાજે જ વકીલ પર ખૂની હુમલો

### અસામાજિક તત્વોને છાવરતી પોલીસ સામે વકીલોના આક્રોશનો જ્વાળામુખી ફાટ્યો!

સુરત

સુરતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેટલી કથળી ચુકી છે તેનો એક જીવંત દાખલો પાંડેસરા વિસ્તારમાં જોવા મળ્યો છે. ન્યાયની લડાઈ લડતા જાણીતા વકીલ કૌશલ મિશ્રા પર પાંડેસરા પોલીસ સ્ટેશનના આંગણે જ કેટલાક માથાભારે અને અસામાજિક તત્વો દ્વારા જાનલેવા હુમલો કરવામાં આવ્યો હતો. ધોળા દિવસે, પોલીસ મથકની સાવ નજીક બનેલી આ ઘટનાએ સમગ્ર સુરત શહેરને ચોંકાવી દીધું છે. વકીલ પર થયેલા આ કાયરતાપૂર્ણ હુમલાને પગલે સુરત બાર એસોસિએશન અને સમગ્ર વકીલ આલમમાં ભારે રોષની લહેર ફરી વળી છે. આ સમગ્ર ઘટનામાં સૌથી વધુ શરમજનક અને ચોંકાવનારી બાબત પોલીસ તંત્રની શંકાસ્પદ કામગીરી રહી છે. હુમલા બાદ જ્યારે પીડિત



વકીલ કૌશલ મિશ્રા ઈજાગ્રસ્ત હાલતમાં પોતાની ફરિયાદ નોંધાવવા પાંડેસરા પોલીસ સ્ટેશન પહોંચ્યા, ત્યારે કાયદાના રક્ષકોએ જ તેમને ન્યાય આપવાને બદલે અસામાજિક તત્વોનો બચાવ કરવાનું શરૂ કર્યું હતું. પોલીસ અધિકારીઓએ ગુનો નોંધવામાં આનાકાની કરી હતી અને માથાભારે તત્વોને છાવરવાનો હીન પ્રયાસ કર્યો હોવાનો ગંભીર આરોપ લાગ્યો છે. પોલીસના આ વલણને કારણે ગુનેગારોના પ્રોત્સાહનમાં વધારો થતો હોવાનો આક્રોશ વકીલોએ વ્યક્ત કર્યો હતો.

પોલીસ સ્ટેશનમાં થઈ રહેલા આ પક્ષપાતી વ્યવહારના સમાચાર વાયુવેગે પ્રસરતાં જ સુરતના સોંકડો વકીલો એકજૂટ થઈને પાંડેસરા પોલીસ સ્ટેશને ધસી આવ્યા હતા. વકીલ મંડળે પોલીસ મથક ઘેરી લઈને ભારે ઘેરાબંધી કરી હતી અને કાયદાકીય કડક કાર્યવાહીની માંગ સાથે હોબાળો મચાવ્યો હતો. વકીલોની મજબૂત એકતા, ઉગ્ર આક્રોશ અને કાયદાકીય દબાણ સામે આખરે પાંડેસરા પોલીસને પોતાની ભૂલ સમજાઈ અને નમતું જોખવું પડ્યું હતું.

પોલીસે નાછૂટકે વકીલ કૌશલ મિશ્રાની ફરિયાદના આધારે હુમલાખોરો સામે ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ગુજરાત વિધાનસભાનું માત્ર 3 દિવસનું ટૂંકું સત્ર: 8 કલાકના કામમાં બુલેટ ટ્રેનની સ્પીડે કાયદા પાસ!

ગાંધીનગર

ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભાનું ટૂંકું સત્ર ફરી એકવાર ભારે ચર્ચા અને આકરા વિવાદના ઘેરાવામાં આવ્યું છે. માત્ર ૩ દિવસ માટે બોલાવાયેલા આ મોસમી સત્રમાં ગૃહનું વાસ્તવિક કામકાજ માંડ ૮ કલાક ચાલ્યું હતું. પ્રજાના કરોડો રૂપિયાના ખર્ચે ચાલતા આ સંસદીય ગૃહમાં નાગરિકોના પ્રાણપ્રશ્નો પર ગંભીર ચર્ચા કરવાને બદલે, બુલેટ ટ્રેનની સ્પીડે મહત્વના વિધેયકો (બિલો) અને કાયદાઓ પસાર કરી દેવામાં આવ્યા છે.

વિધાનસભામાં પ્રજાના પ્રશ્નો રજૂ કરવા મોકલાયેલા ધારાસભ્યો ગૃહના કિંમતી સમયનો કેવો દુરુપયોગ કરી રહ્યા છે, તે આ સત્રમાં ફરી છતું થયું છે. કોંગ્રેસ અને વિપક્ષી ધારાસભ્યો દ્વારા ગૃહની અંદર અને બહાર સૂત્રોચ્ચાર તેમજ હોબાળો મચાવીને કિંમતી સમય બગાડવામાં આવ્યો.

લોકમુખે ચર્ચા છે કે શાસક પક્ષ ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ માત્ર રાજકીય રોટલા શેકવા માટે ગૃહમાં સામસામે હોબાળો કરવાનું નાટક કરે છે, જેથી જનતાના મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને ખાડા રાજ જેવા વાસ્તવિક મુદ્દાઓ પર ચર્ચા જ ન થઈ શકે!

કોઈપણ જાતની ઊંડાણપૂર્વકની ચર્ચા કે સુધારા-વધારા વિના કરોડો લોકોના જીવનને સ્પર્શતા મહત્વના કાયદાઓ માત્ર મિનિટોમાં બહુમતીના જોરે પસાર કરી દેવાયા. વિધાનસભાના એક-એક મિનિટના સત્ર પાછળ સરકારી તિજોરીમાંથી એટલે કે પ્રજાના ટેક્સમાંથી લાખો રૂપિયાનો ધુમાડો થાય છે.

### સરદાર પટેલની ભૂમિ વલ્લભ વિધાનગરમાં શરમજનક ઘટના

# CVM સંચાલિત રાણક ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થીનીઓને ફૂડ પોઈઝનિંગ, 25થી વધુ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ!!

વલ્લભ વિધાનગર

વિદ્યાધામ તરીકે ઓળખાતા વલ્લભ વિદ્યાનગરમાં શિક્ષણના નામે કરોડો રૂપિયાની ફી વસૂલતી સંસ્થાઓ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે કેવા ભયાનક ખેલ ખેલી રહી છે, તેનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ચારુતર વિદ્યામંડળ (CVM) સંચાલિત 'રાણક ગર્લ્સ હોસ્ટેલ'માં વાસી અને દૂષિત ખોરાક ખાવાના કારણે ૨૫થી વધુ માસુમ વિદ્યાર્થીનીઓને ગંભીર અસર પહોંચતા ફૂડ પોઈઝનિંગની ઘટના બની છે.

ગંભીર હાલતમાં વિદ્યાર્થીનીઓને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવતા સમગ્ર વિદ્યાનગર અને આણંદ જિલ્લાના શૈક્ષણિક વર્તુળોમાં ભારે અરેરાટી સાથે રોષની વંટોળ ઊભી થઈ છે.

પ્રાપ્ત મળતી વિગતો અનુસાર, હોસ્ટેલના મેસમાં સાંજના સમયે પીરસવામાં આવેલું ભોજન આરોગ્યા બાદ મોડી રાત્રે એક પછી એક વિદ્યાર્થીનીઓની તબિયત અચાનક લથડવા લાગી હતી.

વિદ્યાર્થીનીઓને અચાનક અસહ્ય પેટમાં દુખાવો, સતત ઉલટી-ઝાડા અને ચક્કર આવવાની ફરિયાદો શરૂ થઈ હતી.

હોસ્ટેલ કેમ્પસમાં રાત્રિના સમયે દહેશત અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થિતિ ગંભીર બનતા તાત્કાલિક એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનો દ્વારા અસરગ્રસ્ત વિદ્યાર્થીનીઓને હોસ્પિટલ પહોંચાડવામાં આવી હતી.

હાલમાં ૨૫થી વધુ વિદ્યાર્થીનીઓ હોસ્પિટલમાં એડમિટ છે, જ્યાં તેમની ગ્લુકોઝ બોટલ અને ઈમરજન્સી મેડિકલ ટ્રીટમેન્ટ ચાલી રહી છે.

વિદ્યાનગરની પ્રતિષ્ઠિત ગણાતી CVM સંસ્થા દ્વારા સંચાલિત હોસ્ટેલમાં આવી ઘટના બનવી એ તંત્રની ઘોર બેદરકારી છતી કરે છે. વિદ્યાર્થીનીઓના જણાવ્યા મુજબ, હોસ્ટેલની મેસમાં અવારનવાર હલકી ગુણવત્તાનું અને વાસી ભોજન પીરસવામાં આવે છે. આ અંગે અગાઉ પણ રજૂઆતો કરવામાં આવી હતી, છતાં સંસ્થાના પેટનું પાણી હલતું નહોતું. દીકરીઓને ભણવા અને સુરક્ષિત રહેવા મોકલતા વાલીઓ હોસ્પિટલ દોડી આવ્યા છે અને CVM મેનેજમેન્ટ તથા મેસ કોન્ટ્રાક્ટર સામે કડકમાં કડક સજાની માગ કરી રહ્યા છે.

કોન્ટ્રાક્ટર પર કોના આશીર્વાદ? વિદ્યાર્થીઓના ભવિષ્ય અને સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા મેસ કોન્ટ્રાક્ટર સામે હજુ સુધી પોલીસ ફરિયાદ કેમ નોંધવામાં આવી નથી?

### ભ્રષ્ટાચાર પર પડદો પાડવાનો ખેલ!

# સરકારી ગ્રાન્ટમાંથી ખાનગી હોટલમાં શૌચાલય: મંજૂરી આપનાર TDO પોતે જ કરશે પોતાની તપાસ

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં સરકારી નાણાં અને જનતાના ટેક્સના પૈસાનો કેવો બેફામ દુરુપયોગ થાય છે તેનો એક આંખ ઉઘાડનારો અને અત્યંત શરમજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સંખેડા તાલુકા હેઠળ આવતા ગોલાગામડી ચાર રસ્તા નજીક સ્થિત એક ખાનગી હોટલના કમ્પાઉન્ડમાં સરકારી ગ્રાન્ટનો ઉપયોગ કરીને શૌચાલય બનાવી દેવામાં આવ્યું છે. ગામના ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે આવતી ગ્રાન્ટ એક ખાનગી હોટલમાલિકને આર્થિક ફાયદો પહોંચાડવા માટે વપરાઈ હોવાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર જિલ્લાના વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ સમગ્ર કૌભાંડમાં સૌથી વધુ હાસ્યાસ્પદ અને ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે જે શૌચાલય નિર્માણ માટે સંખેડાના તાલુકા વિકાસ અધિકારી (TDO) ની મંજૂરી મેળવવામાં આવી હતી, હવે આ ભ્રષ્ટાચારની તપાસનો ઓર્ડર પણ એ જ TDO ને સોંપવામાં આવ્યો છે! પોતાની જ સહીથી સરકારી નાણાં ખાનગી મિલકતમાં વાપરવાની લીલી ઝંડી આપનાર અધિકારી ક્યારેય પોતાની ભૂલ કે ભ્રષ્ટાચાર સ્વીકારશે ખરા? મંજૂરી આપનાર જ જ્યારે તપાસકર્તા બને ત્યારે આ કાર્યવાહી માત્ર કાગળ પરની ચોપડી પૂરતી જ સીમિત રહેશે તે સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. સ્થાનિક લોકો અને બુદ્ધિજીવી આલમમાં આ નિર્ણયને લઈ ભારે આક્રોશ છે અને તેને 'ચોરના હાથમાં તિજોરીની ચાવી' આપવા સમાન ગણાવવામાં આવી રહ્યો છે. ગામડાઓમાં જાહેર શૌચાલયોના અભાવે સામાન્ય પ્રજા હેરાન થાય છે, જ્યારે બીજી તરફ અધિકારીઓ અને સ્થાનિક નેતાઓની મિલીભગતથી ખાનગી મિલકતોને સરકારી ખર્ચે ચમકાવવામાં આવી રહી છે.

# ગુજરાતમાં લેન્ડ રેકોર્ડ્સ વર્ગ-૩ના કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળ: 11 સપ્ટેમ્બરથી જમીન માપણી અને પ્રોપર્ટી કાર્ડ સહિતની કામગીરી ઠપ!

■ 30 દિવસનું અલ્ટીમેટમ પૂરું થતાં આરપારની લડાઈ: પગાર ગ્રેડ-પે સુધારણા અને પડતર માંગણીઓને લઈને મહેસૂલી કર્મચારીઓનો આકરો મિજાજ!

ગાંધીનગર

ગુજરાત સરકાર માટે વધુ એક મોટી મુશ્કેલી ઊભી થઈ છે. રાજ્યના મહેસૂલ વિભાગ હેઠળ આવતા લેન્ડ રેકોર્ડ્સ (જમીન દફતર) શાખાના વર્ગ-૩ના તમામ કર્મચારીઓ ૧૧ સપ્ટેમ્બરથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે. પોતાની વાજબી માંગણીઓ સંદર્ભે રજૂઆત કર્યા બાદ પણ સરકાર તરફથી કોઈ ઉકેલ ન આવતાં, આખરે કર્મચારીઓએ કામકાજ બંધ કરી વિરોધનો માર્ગ અપનાવ્યો છે. આ હડતાળના કારણે સમગ્ર રાજ્યમાં જમીન સંપાદન, માપણી અને પ્રોપર્ટી કાર્ડ સહિતની ઓનલાઈન તેમજ ઓફલાઈન કામગીરી સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે. લેન્ડ રેકોર્ડ્સના કર્મચારીઓની લાંબા સમયથી મુખ્ય માંગણી પે-મેટ્રિક્સ લેવલ (ગ્રેડ-પે)માં સુધારણા કરવાની છે.

સિનિયર સર્વેયરોનું વર્તમાન પગાર ધોરણ મેટ્રિક લેવલ-૫ (રૂ. ૨૫,૫૦૦-૮૧,૧૦૦) માંથી વધારીને મેટ્રિક લેવલ-૭ (રૂ. ૪૪,૯૦૦-૧,૪૨,૪૦૦) કરવામાં આવે.

૩૦ દિવસની નોટિસ છતાં મૌન: કર્મચારી મંડળે સરકારને પડતર પ્રશ્નોના નિરાકરણ માટે ૩૦ દિવસનું અલ્ટીમેટમ આપ્યું હતું. પરંતુ મુદત પૂરી થવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતાં કર્મચારીઓ મજબૂર બનીને આંદોલનના માર્ગે વળ્યા છે.

જમીન દફતર શાખા હડતાળ પર જતાં રાજ્યના ખેડૂતો, બિલ્ડરો અને સામાન્ય નાગરિકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવશે.

# તંત્રી લેખ...

## બદલાતી દુનિયા, આઉટડેટેડ અભ્યાસક્રમ અને ભવિષ્યનું સંકટ: શું આપણી શિક્ષણ પ્રણાલી યુવાનોને બેરોજગારી તરફ ધકેલી રહી છે?


આજે સમગ્ર વિશ્વ ચોથી ઔદ્યોગિક ક્રાંતિના (4th Industrial Revolution) પ્રવેશદ્વાર પર ઊભું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), રોબોટિક્સ, ડ્રોન ટેક્નોલોજી અને ડેટા સાયન્સના બળે વૈશ્વિક કાર્યપદ્ધતિમાં અસાધારણ ફેરફારો આવી રહ્યા છે. તબીબી ક્ષેત્રે જટિલ સર્જરી રોબોટિક આર્મ્સ દ્વારા થઈ રહી છે, કાનૂની ક્ષેત્રે AI હજારો કેસોનું વિશ્લેષણ મિનિટોમાં કરી રહ્યું છે, અને કૃષિથી લઈને સંરક્ષણ ક્ષેત્ર સુધી ડ્રોન વિપ્લવ લાવી રહ્યા છે.

પરંતુ સૌથી ચિંતાજનક અને ખેદજનક બાબત એ છે કે, જે નવી દુનિયામાં આપણું ભવિષ્ય - આપણા બાળકો - હરીફાઈ કરવા જઈ રહ્યા છે, ત્યાં આપણી સમગ્ર શિક્ષણ વ્યવસ્થા હજુ પણ ૧૯મી સદીના જૂના અને બિનઉપયોગી ઢાંચામાં કેદ છે!

### પરંપરાગત ડિગ્રીઓનું પતન: BA, BCom, અને BSc નું શું ભવિષ્ય?

એક સમય હતો જ્યારે BA, BCom કે BSc ની ડિગ્રી મેળવી લેવી એ સલામત ભવિષ્યની ગેરંટી ગણાતી હતી. પરંતુ આજના ડિજિટલ યુગમાં માત્ર સૈદ્ધાંતિક (Theoretical) ગોખણપટ્ટી આધારિત આ ડિગ્રીઓની બાજરીય કિંમત લગભગ શૂન્ય થઈ રહી છે.

ગોખણપટ્ટી વિરુદ્ધ સ્કિલ: જે કામો માટે પહેલાં કલાકો કે દિવસો લાગતા હતા–જેમ કે બેઝિક એકાઉન્ટિંગ, ડેટા એન્ટ્રી, અથવા પ્રાથમિક




કાનૂની ડ્રાફ્ટિંગ–તે કામો હવે સ્માર્ટ સોફ્ટવેર સેકન્ડોમાં કરે છે.

શિક્ષિત બેરોજગારીનો વિસ્ફોટ: દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ કોલેજોમાંથી બહાર નીકળે છે, પરંતુ તેમની પાસે ઉદ્યોગોની વર્તમાન જરૂરિયાતો મુજબના કૌશલ્યો (Market-relevant skills) હોતા નથી. જો આ સ્થિતિ ચાલુ રહેશે, તો દેશમાં શિક્ષિત બેરોજગારોની આખી પેઢી તૈયાર થશે.

### પ્રાથમિક શિક્ષણથી જ અમૂલચૂલ પરિવર્તન અનિવાર્ય

જો આપણે આપણા યુવાનોને વૈશ્વિક સ્પર્ધામાં ટકાવી રાખવા હોય, તો ફેરફારની શરૂઆત કોલેજથી નહીં પરંતુ પ્રાથમિક શાળાના ધોરણ-૧ થી જ કરવી પડશે.

પ્રારંભિક ટેકનોલોજીકલ સોફ્ટવેર: બાળપણથી જ કોડિંગ, ટેકનોલોજિકલ થિંકિંગ અને પ્રોબ્લેમ-સોલ્વિંગ જેવા વિષયો દાખલ કરવા પડશે.

AI ની સાચી સમજ: વિદ્યાર્થીઓ માત્ર AI નો ઉપયોગ કરનારા ન બને, પણ તેના નિર્માતા અને તાર્કિક ઉપયોગકર્તા (Logical Users) બને તેવું વાતાવરણ નિર્માણ કરવું જરૂરી છે.

### સરકારોની ઉદાસીનતા અને નીતિ-નિર્માતાઓની નિષ્ક્રિયતા

સૌથી ગંભીર પ્રશ્ન એ છે કે આપણી સરકારો અને શિક્ષણ નીતિઓ બદલાતા સમય સાથે તાલ મિલાવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ પુરવાર થઈ રહી છે. માત્ર કાગળ પર નવી નીતિઓ ઘડી દેવાથી કે મોટા દાવાઓ કરવાથી દેશનું ભવિષ્ય નહીં બદલાય.

બજેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અછત: સરકારી શાળાઓમાં હજુ પણ કોમ્પ્યુટર લેબ કે ઈન્ટરનેટ જેવી પાયાની સુવિધાઓનો અભાવ છે.

શિક્ષકોની તાલીમનો પ્રશ્ન: જે શિક્ષકો પોતે AI કે નવી ટેકનોલોજીથી અજાણ છે, તેઓ નવી પેઢીને કેવી રીતે સક્ષમ બનાવશે? શિક્ષકોનું અપગ્રેડેશન એ સમયની સૌથી મોટી માગ છે.

તાત્કાલિક ધોરણે લેવાના કડક અને નિર્ણાયક પગલાં

આ માત્ર કોઈ એક ક્ષેત્રની ચિંતા નથી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક ભવિષ્ય સાથે જોડાયેલો અત્યંત ગંભીર વિષય છે.

અભ્યાસક્રમનું પુનઃનિર્માણ: શાળાના પહેલા ધોરણથી જ પ્રેક્ટિકલ સોફ્ટવેર, કોડિંગ અને ટેકનિકલ શિક્ષણ ફરજિયાત બનાવવું.

કોલેજોમાં સ્કિલ-ઓરિએન્ટેડ કોર્સ: પરંપરાગત સિલેબસ રદ કરીને ડિજિટલ માર્કેટીંગ, ડેટા એનાલિટિક્સ, AI પ્રોમ્પટિંગ અને રોબોટિક્સ જેવા વિષયોને મુખ્ય પ્રવાહમાં લાવવા.

શિક્ષણ બજેટમાં વધારો: દેશના શિક્ષણ બજેટનો મોટો હિસ્સો ટેકનોલોજીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષકોના પુનઃપ્રશિક્ષણ (Re-training) પાછળ ફાળવવો.

જો સરકારો અને સમાજ અત્યારે પણ આ ગંભીર બાબતે જાગૃત નહીં થાય, તો આવનારો સમય આપણા દેશ માટે મોટો આર્થિક અને સામાજિક આઘાત લઈને આવશે. કાગળ પરના કાગઝી દાવાઓ બંધ કરીને હવે જમીની સ્તરે આક્રમક અને પરિણામલક્ષી અમલીકરણ કરવાનો આખરી સમય આવી ગયો છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

## અમદાવાદમાં 'ઓનર કિલિંગ'નો સનસનાટીભર્યો ખુલાસો: અકસ્માતનું નાટક રચી દીકરીની હત્યા કરનાર સગા પિતા-ભાઈ જેલના સળિયા પાછળ!

હિટ એન્ડ રનનો ડ્રામા યોજી કાયદાને ગુમરાહ કરવાનો પ્રયાસ: 'વાયરલ વીડિયો' અને કથિત આબરૂ બચાવવાના ચક્કરમાં હથોડાના ઘા ઝીંકી ૨૨ વર્ષીય સોફિયાની કરી નિર્મમ હત્યા

અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં ૧૨ ઓગસ્ટની રાત્રે બનેલી એક ઘટનાએ સમગ્ર ગુજરાતને ધ્રુજાવી દીધું છે. જે ઘટનાને એક સામાન્ય અને ગોઝારો 'હિટ એન્ડ રન અકસ્માત' ગણાવવામાં આવી રહ્યો હતો, તે વાસ્તવમાં પિતા અને ભાઈ દ્વારા જ ઘડાયેલું એક ક્રૂર અને આયોજનબદ્ધ 'ઓનર કિલિંગ'નું કાવતરું નીકળ્યું છે. સમાજમાં આબરૂ જવાની ઘેલછામાં સગા પિતા અને સગા ભાઈએ પોતાની ૨૨ વર્ષની દીકરી સોફિયાને હથોડાના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધી હતી.

### શું હતો બનાવ અને કેવી રીતે ઘડાયું કાવતરું?

૨૨ વર્ષીય સોફિયા બોપલ વિસ્તારની એક હોસ્પિટલમાં રિસેપ્શનિસ્ટ તરીકે નોકરી કરતી હતી. ૧૨ ઓગસ્ટની રાત્રે સોફિયાના ભાઈ મોહમ્મદ હાબીલે પોલીસ સમક્ષ દાવો કર્યો હતો કે તે તેની બહેન સાથે બાઈક પર ઘરે જઈ રહ્યો હતો. સરખેજ નજીક ઘેલજીપુરા રસ્તા પર પાછળથી આવેલા એક અજાણ્યા વાહને તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ બનાવટી અકસ્માતમાં સોફિયાના માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને સોલા સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

બનાવ બાદ ભાઈ હાબીલે જાતે જ સામાન્ય ઈજાનું નાટક કરીને પોલીસમાં અજાણ્યા વાહનચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

અકસ્માતની સ્ટોરી પર પોલીસને કેમ ગઈ શંકા?

અમદાવાદ એમ-ડિવિઝન ટ્રાફિક પોલીસે અજાણ્યા વાહનને શોધવા માટે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી. પરંતુ તપાસ આગળ વધતાં જ ઘટના સ્થળ પર અનેક શંકાસ્પદ બાબતો સામે આવી:

૧. CCTV કેમેરાનો અભાવ અને વિરોધાભાસ: જે સ્થળે અકસ્માત બતાવવામાં




આવ્યો હતો તેની આસપાસના CCTV ફુટેજ તપાસતા કોઈ પણ ઝડપી કે શંકાસ્પદ વાહન ત્યાંથી પસાર થતું દેખાયું નહોતું.

૨. નિવેદનમાં લોચા: ભાઈ હાબીલે હોસ્પિટલથી ઘરે જવાના રૂટ અંગે જે નિવેદન આપ્યું હતું તે અને રસ્તા પરના CCTV લોકેશન્સ મેચ થતાં નહોતા.

૩. ઘટના સ્થળના પુરાવા: ટ્રાફિક અકસ્માતમાં જે પ્રકારનું વાહનનું નુકસાન અને રોડ પરના માર્ક્સ હોવા જોઈએ તેવા કોઈ પુરાવા સ્થળ પરથી મળ્યા નહોતા.

### પોલીસની આકરી પૂછપરછમાં ભાંગી પડ્યો ભાઈ: ખુલ્યો ખૂની ખેલ

ટ્રાફિક પોલીસે શંકાના આધારે ભાઈ હાબીલની કડક પૂછપરછ હાથ ધરી ત્યારે તેની તમામ બનાવટી વાર્તાઓ તૂટી પડી હતી. હાબીલે કબૂલાત કરી કે આ અકસ્માત નહીં પરંતુ તેણે અને તેના પિતા મોહમ્મદ ફારૂકે મળીને કરેલી હત્યા હતી. હત્યા પાછળનું કારણ: આશરે ત્રણ મહિના પહેલા સોફિયાનો એક યુવક સાથેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. પરિવારના સમજાવવા છતાં સોફિયા વાત કરતી હતી, જેના કારણે પિતા અને ભાઈને સમાજમાં બદનામી થવાનો ડર લાગતો હતો. આ બાબતનું વેર રાખીને છેલ્લા ત્રણ મહિનાથી તેઓ સોફિયાની હત્યાનું કાવતરું ઘડી રહ્યા હતા. કેવી રીતે આપી અંજામ: ૧૨ ઓગસ્ટની રાત્રે વરસાદનો લાભ લઈને ભાઈ હાબીલ પોતાની પેન્ટમાં લોખંડનો હથોડો છુપાવીને સોફિયાને હોસ્પિટલેથી લેવા ગયો હતો. ઘેલજીપુરા પાસે સુમસામ રસ્તા પર સોફિયાના માથામાં હથોડાના આડેધડ ઘા મારી તેને બેભાન કરી દીધી હતી. ત્યારબાદ પિતા ફારૂકની મદદથી સોફિયાનું મૃત્યુ ન થાય ત્યાં સુધી રાહ જોઈ હતી. અકસ્માતનું નાટક: હત્યા કર્યા બાદ લાશને રોડ કિનારે ફેંકી દીધી, બાઈકને નુકસાન પહોંચાડ્યું અને ભાઈ હાબીલે જાતે પોતાની જાતને થોડી ઈજા પહોંચાડી અકસ્માતનો ડ્રામા રચ્યો હતો.

### પિતા-પુત્ર જેલના સળિયા પાછળ

અમદાવાદ ટ્રાફિક પોલીસની સતર્કતા અને સીસીટીવી સ્કેનિંગના કારણે આખરે 'ઓનર કિલિંગ'નો આ સનસનાટીભર્યો ગુનો ઉકેલાઈ ગયો છે. સરખેજ પોલીસે પિતા મોહમ્મદ ફારૂક અને ભાઈ મોહમ્મદ હાબીલ સામે હત્યા (IPC/BNS હેઠળ) અને ગુનાહિત કાવતરાનો ગુનો દાખલ કરી બંનેની ધરપકડ કરી લીધી છે. પોતાની જ દીકરીને દગાથી મારી નાખનાર પિતા-પુત્રની આ ક્રૂરતાથી સમગ્ર અમદાવાદમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

## ભારતના મની માર્કેટમાં 'લિક્વિડિટી ધમાકો': $136 બિલિયનના ફોરેન ડિપોઝિટ્સથી રૂ. 11 લાખ કરોડથી વધુની સરપ્લસ રોકડ, RBI આકરા પાણીએ!

બેંકો પાસે રૂપિયાનો અતિશય ભરાવો: મોંઘવારી વધવાના અને વ્યાજદર ખોરવાવાના જોખમે રિઝર્વ બેંકે રોકડ શોષવા ઓપરેશન તેજ કર્યું! ભારતીય બેંકિંગ અને મની માર્કેટમાં અત્યારે ઐતિહાસિક લિક્વિડિટી (રોકડ)નો ઉભરો આવ્યો છે. ભારતીય બેંકો દ્વારા વિદેશી હૂંડિયામણ અને ફોરેન-કરન્સી ડિપોઝિટ્સ (મુખ્યત્વે FCNR-B અને ઓવરસીઝ બોરોઈંગ્સ) મારફતે ગણતરીના મહિનાઓમાં 136 બિલિયન ડોલર (રૂ. ૧૧ લાખ કરોડથી વધુ) ની જંગી રકમ એકઠી કરવામાં આવી છે. બેંકોએ આ ડોલર રિઝર્વ બેંક (RBI) પાસે સ્વાપ કરાવીને તેના બદલે બજારમાં મોટા પાયે રૂપિયા મેળવ્યા હતા. જેના પરિણામે ભારતના નાણાકીય તંત્રમાં સરપ્લસ લિક્વિડિટી રૂ. ૧૧ લાખ કરોડનો આંકડો વટાવી ગઈ છે. બજારમાં રોકડનો અતિશય ભરાવો કેમ ચિંતાજનક? જ્યારે મની માર્કેટમાં મર્યાદા કરતા વધુ રોકડ જમા થઈ જાય, ત્યારે શોર્ટ-ટર્મ વ્યાજદરો (Weighted Average Call Rate) RBIના પોલિસી રેપો રેટ કરતાં નીચા ઉતરી જાય છે. આ સ્થિતિમાં ફુગાવો (મોંઘવારી) વધવાની અને નાણાકીય અસ્થિરતા સર્જાવાની પૂરી શક્યતા રહે છે. આ સિવાય બેંકો દ્વારા અયોગ્ય કે જોખમી ધિરાણ (Abnormal Lending) વધવાનું જોખમ પણ ઊભું થાય છે. RBI એ લિક્વિડિટી શોષવા કયાં કડક પગલાં ભર્યાં? બજારમાંથી વધારાની વધારાની રોકડ પાછી ખેંચવા અને નાણાકીય સંતુલન જાળવવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ એક સાથે અનેક નાણાકીય શસ્ત્રો (Financial Tools) નો ઉપયોગ શરૂ કર્યો છે: 30-દિવસના VRRR ઓક્શન: રિઝર્વ બેંકે ૩૦ દિવસના વેરીએબલ-રેટ રિવર્સ રેપો (VRRR) મારફતે બજારમાંથી રૂ. ૪.૬ લાખ કરોડથી વધુની સરપ્લસ રોકડ સફળતાપૂર્વક ખેંચી લીધી છે. ઓવરનાઈટ રેપો અને SDF: ઓવરનાઈટ રિવર્સ રેપો ઓક્શન તેમજ સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલીટી (SDF) મારફતે બેંકો પાસેથી અન્ય રૂ. ૬.૬ લાખ કરોડથી વધુની રકમ RBI પાસે પાર્ક કરાવાઈ છે. ડોલર-રૂપિયા બાય-સેલ સ્વેપ: બજારમાંથી રૂપિયાની લિક્વિડિટી ઓછી કરવા અને ભારતીય રૂપિયા પરનું દબાણ ઘટાડી તેને સ્થિર રાખવા માટે RBI એ બેંકો સાથે 'USD/INR Buy-Sell Swaps' નો પણ આક્રમક રીતે ઉપયોગ કર્યો છે. 'પાક્કો ગુજરાત'નો સણસણતા વિશ્લેષણ અને સવાલ એક તરફ ભારતનું ફોરેન એક્સચેન્જ રિઝર્વ (Forex Reserves) રેકોર્ડ સ્તરે પહોંચી રહ્યું છે, જે દેશની આર્થિક તાકાત દર્શાવે છે. પરંતુ બીજી તરફ આટલી અતિશય રોકડ બેંકિંગ સિસ્ટમમાં આવતાં જ તેને નિયંત્રિત કરવા RBI ને નાકે દમ આવી રહ્યો છે.

## 'ચોમાસામાં ચાર સપ્તાહ કોરાં ધાકોર છતાં દુષ્કાળ જાહેર કેમ નહીં?': વિપક્ષે વિધાનસભામાં સરકારને બોદા દાવાઓ સાથે સાણસામાં લીધી, ખેડૂતોનો આરપારના આંદોલનનો આક્રોશ!

ગાંધીનગર

રાજ્યમાં કુદરતી આફત અને સરકારી ઉદાનતાની બેવડી માર ઝીલી રહેલા ધરતીપુત્રોની વેદનાએ હવે ગાંધીનગરના રાજકારણથી લઈને રાજ્યના ખૂણે-ખૂણા સુધી ભારે આક્રોશનો વિસ્ફોટ સર્જ્યો છે. 'જો સળંગ ચાર સપ્તાહ સુધી વરસાદ ન પડે તો જે-તે વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવો' એવા સરકારી પરિપત્ર અને નિયમ હોવા છતાં, સરકાર તેનો અમલ કરવામાં કેમ આંખ આડા કાન કરી રહી છે? આ સનસનાટીભર્યા સવાલ સાથે વિપક્ષે વિધાનસભાના ફ્લોર પર સરકારને બરાબરની સાણસામાં લીધી છે. બીજી તરફ, રોષે ભરાયેલા ખેડૂત સંગઠનોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો સરકારે તાત્કાલિક પાક નુકસાનીનું વળતર અને દુષ્કાળ સહાય જાહેર ન કરી, તો સમગ્ર ગુજરાતમાં રસ્તા પર ઉતરીને અકલ્પનીય આંદોલન કરવામાં આવશે.

### 1. વિધાનસભામાં હંગામો: સરકારી પરિપત્રનો અમલ કેમ નહીં?

વિધાનસભાના સત્ર દરમિયાન ખેડૂતોની દયનીય સ્થિતિ અને પાક ધોવાણ અંગે વિપક્ષી સભ્યોએ ભારે આક્રમક વલણ અપનાવ્યું હતું. ગૃહમાં વિપક્ષે પ્રહારો કરતા જણાવ્યું હતું કે: કાગળ પરના નિયમો: સરકારે પોતે જ પરિપત્ર બહાર પાડેલો છે કે જો ચોમાસા દરમિયાન સતત ચાર અઠવાડિયા સુધી વરસાદ ખેંચાય, તો ખેડૂતોને રાહત આપવા માટે દુષ્કાળની જાહેરાત કરવી. પરંતુ જ્યારે ખેડૂતોના ખેતરમાં ઉભો પાક બળીને ખાખ થઈ ગયો છે, ત્યારે સરકાર આ નિયમ ભૂલીને મૌન ધારણ કરીને બેસી ગઈ છે.

### 2. 'ઉદ્યોગપતિઓની લોન માફ, પણ ખેડૂતો માટે તિજોરી ખાલી?': વિપક્ષ અને ખેડૂતોનો તીખો સવાલ

સરકારની આ નીતિ સામે ખેડૂતો અને વિપક્ષે રાજ્ય સરકારની દાનત પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે: 'જે સરકાર મોટા-મોટા ઉદ્યોગપતિઓના કરોડો રૂપિયાના દેવાં અને બેંક લોન એક ઝાટકે માફ કરી દે છે, એ જ સરકાર જ્યારે રાત-દિવસ એક કરીને દેશનું પેટ ભરતા ધરતીપુત્ર પાક નુકસાનીના વળતર કે વીમાની રકમ માગે છે ત્યારે તિજોરી ખાલી હોવાના રડવાના રડે છે! આ કોની સરકાર છે? સામાન્ય આમ આદમીની કે પછી માત્ર ગણતરીના મૂડીપતિઓની?'

### 3. મોંઘા બિયારણ, ખાતર અને ડીઝલનો બોજ: ખેડૂતો દેવાના ડૂંગર તળે

ખેડૂત આગેવાનોના જણાવ્યા મુજબ, આ વર્ષે વાવણીથી લઈને ખાતર, ડીઝલ અને મજૂરીના ભાવ આસમાને પહોંચી ગયા છે. એક એકર જમીનમાં હજારો રૂપિયાનો ખર્ચ કર્યા બાદ જ્યારે પાક લણવાનો સમય આવ્યો ત્યારે વરસાદની અસમાનતા અને કમોસમી સ્થિતિને કારણે ખેડૂતોના હાથમાં માત્ર નિરાશા જ આવી છે.

### 4. ગાંધીનગર ઘેરાવ અને ઉગ્ર આંદોલનની ખુલ્લી ચીમકી

સરકારની ખેડૂતવિરોધી નીતિઓથી કંટાળેલા ખેડૂત સંગઠનોએ હવે આરપારની લડાઈ લડવાનું મન બનાવી લીધું છે. ખેડૂત અગ્રણીઓએ જાહેરાત કરી છે કે:

૧. જો તાત્કાલિક ધોરણે તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં દુષ્કાળ જાહેર કરવામાં નહીં આવે...૨. અને ખેડૂતોને પ્રતિ હેક્ટર યોગ્ય પાક નુકસાની વળતર ચૂકવવામાં નહીં આવે... તો આવનારા દિવસોમાં હજારો ખેડૂતો ટ્રેક્ટરો અને વાહનો સાથે ગાંધીનગર તરફ કૂચ કરશે અને સચિવાલયનો ઘેરાવ કરશે.

## 'પોલીસ સામે પગલાં લઈશું તો મોરલ ડાઉન થઈ જશે!': કાયદાના રક્ષકો જ ભક્ષક બન્યા કે શું?

કોસંબા

જનતાની સુરક્ષા માટે વર્દી પહેરતી પોલીસ હવે પોતાની જ કાળી કરતૂતો છુપાવવા માટે મોરલ (મોનોબળ) ડાઉન થવાના બહાના બતાવી રહી છે! કોસંબાના ચર્ચિત લીમડાવાળા બજારના મામલામાં હવે એક એવો ધડાકો થયો છે, જેણે સમગ્ર પોલીસ પ્રશાસન અને રાજ્યના ગૃહ વિભાગની નીતિ-રીતિ સામે ગંભીર સવાલો ઊભા કરી દીધા છે. પી.આઈ. સામે થયેલી ગંભીર ફરિયાદની તપાસમાં જ્યારે ફરિયાદી ડી.વાઈ.એસ.પી. બી.કે. વનાર સમક્ષ નિવેદન આપવા પહોંચ્યા, ત્યારે અધિકારી તરફથી જે જવાબ મળ્યો તે સાંભળીને કાયદાનું શાસન જીવે છે કે મરી ગયું છે તેવો સવાલ ઊભો થાય છે.

### રક્ષકોની દાદાગીરી અને 'મોરલ'નું ખોટું બહાનું

ફરિયાદી અને જાણીતા એડવોકેટ જી.એમ. કાપડીયાના સનસનાટીભર્યા આક્ષેપ મુજબ, તપાસ અધિકારી ડી.વાઈ. એસ.પી. સમક્ષ જ્યારે વિવાદાસ્પદ પી. આઈ. સામે કાયદેસરના સખત પગલાં લેવાની માગ કરવામાં આવી, ત્યારે અધિકારીએ એવું બહાનું આગળ ધર્યું કે, "જો પોલીસ સામે પગલાં લઈશું તો પોલીસનું મોરલ ડાઉન થઈ જશે!"

હદ તો ત્યારે થઈ જ્યારે આ જ અધિકારીએ એવું પણ ઉમેર્યું કે, "પી. આઈ.ને આવડ્યું નહીં, બાકી રસ્તા પર અડચણ ઊભી કરવાનો IPC ૨૮૩નો ગુનો નોંધી દેવો જોઈતો હતો!"

શું આ દેશમાં કાયદો સામાન્ય નાગરિકો માટે જ છે? જો કોઈ પોલીસ અધિકારી પોતાની સત્તાનો દુરુપયોગ કરી ગાળાગાળી કરે, સામાન તોડી પાડવાની ધમકી આપે, તો તેની સામે કાર્યવાહી કરવાથી પોલીસનું 'મોરલ' ડાઉન થાય છે? કે પછી ખાખી વર્દીના આડમાં થતા અન્યાય પર પડદો પાડવાનો આ કાળો ખેલ છે?

સીસીટીવી કેમેરામાં ખાખીનો આતંક



બી.કે.વનાર - DYSP

કેદ: ૧૦૦ વર્ષ જૂના ખાનગી રસ્તે દાદાગીરી

જે ઘટનાને લઈને આ વિવાદ ઊભો થયો છે તે લીમડાવાળા બજાર કોઈ સરકારી મેઈન રોડ નથી, પરંતુ ૧૦૦ વર્ષથી પણ વધુ જૂનો ખાનગી માલિકીનો રાહદારી રસ્તો છે.

વેપારી મોહમ્મદતાહા સબ્બીરભાઈ કાપડીયાની દુકાન બહારથી કપડાંના સ્ટેન્ડ હટાવવાના નામે પોલીસે ભારે ધમાલ મચાવી હતી.

ખાખી વર્દીધારીઓએ વેપારી અને કર્મચારી સાથે ગાળાગાળી કરી, સામાન તોડી પાડવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે.

આ આખી ઘટનાના લાઈવ CCTV ફૂટેજ પુરાવા તરીકે પોલીસને સોંપવામાં આવ્યા છે.

પુરાવા સામે હોવા છતાં, પોલીસ પોતાના જ સાથી અધિકારીને બચાવવા માટે નવનવા બહાના શોધી રહી છે. સામાન્ય નાગરિક સામે નાની વાતમાં ગુનો નોંધતી પોલીસ પોતાના કાયદા તોડનારા પી.આઈ. સામે એફ.આઈ. આર. નોંધવામાં કેમ ધ્રૂજે છે?

### નાગરિકો ભયના ઓથાર હેઠળ: ગૃહ વિભાગ જાગશે કે નહીં?

પોલીસ સ્ટેશનમાં જ પોલીસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવી હવે અશક્ય બની ગઈ છે. વેપારી અને તેમના કર્મચારીએ હવે ડી.વાઈ.એસ.પી. સમક્ષ ખુલ્લેઆમ આશંકા વ્યક્ત કરી છે કે વિવાદાસ્પદ પી.આઈ. અને પોલીસ તંત્ર તેમને ખોટા કેસમાં ફસાવી શકે છે. વેપારીઓએ પોતાના જાન-માલના રક્ષણ માટે કાયદાકીય મદદ અને સુરક્ષાની માગણી કરી છે.

એડવોકેટ કાપડીયાએ હવે સ્પષ્ટ કરી દીધું છે કે જો પોલીસ સ્ટેશનમાં ન્યાય નહીં મળે, તો તેઓ હાઈકોર્ટ અને સેશન્સ કોર્ટના દ્વાર ખટખટાવશે.

### સરકાર અને ગૃહ વિભાગ માટે અગ્નિપરીક્ષા

સવાલ ૧: જો કોઈ કાયદાનો રક્ષક જ નાગરિકોનો હક છીનવે, તો તેની સામે પગલાં લેવાથી મોરલ ડાઉન થાય કે પીડિતનો કાયદા પરથી વિશ્વાસ ઉઠી જાય?

સવાલ ૨: શું રાજ્યનું ગૃહ વિભાગ સીસીટીવી ફૂટેજ જોઈને આ ખાખીધારી દાદાઓ સામે ત્વરિત સસ્પેન્શનના પગલાં ભરશે?

સવાલ ૩: શું 'પોલીસનું મોરલ ડાઉન થશે' જેવા બહાના તળે ગુનાહિત માનસિકતા ધરાવતા અધિકારીઓને છાવરવાનું બંધ કરવામાં આવશે?

સરકારે અને ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તાત્કાલિક ધોરણે આ કેસની તટસ્થ તપાસના આદેશ આપી, દોષિત પી.આઈ. સામે આકરામાં આકરી કાર્યવાહી કરવી જ પડશે. નહીંતર, કોસંબાની આ ઘટનાથી સમગ્ર ગુજરાતમાં ખાખીની આબરૂના લીરેલીરા ઊડશે અને જનતાનો કાયદા પરથી વિશ્વાસ સંપૂર્ણપણે ઊઠી જશે!

## મંજુલાથી 'માન બા' સુધી : પ્રેમ, આદર અને વિશ્વાસથી મહેકતી દામ્પત્ય જીવનની સુગંધિત સફર

કેટલાક સંબંધો માત્ર સંબંધો નથી હોતા; તેઓ જીવનના પાને લખાયેલી એવી અમીટ શાહી હોય છે, જેને સમય પણ ઝાંખી કરી શકતો નથી. પતિ-પત્નીનો સંબંધ પણ એવો જ એક પવિત્ર સંબંધ છે. જ્યાં પ્રેમ હોય, ત્યાં આદર જન્મે છે; જ્યાં આદર હોય, ત્યાં વિશ્વાસ ઊંડો બને છે અને જ્યાં વિશ્વાસ હોય ત્યાં બે વ્યક્તિઓનું જીવન ધીમે ધીમે એકબીજાની લાગણીઓમાં ઓગળી જાય છે. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના બાબરા ગામની ધરતી પર એક એવું દાંપત્ય જીવન જીવાયું, જેમાં શિક્ષણની સેવા સાથે પ્રેમ, પરસ્પર આદર, સમજણ અને પરિવાર પ્રત્યેની જવાબદારીનું સુંદર ઉદાહરણ જોવા મળે છે. પતિ બાબરા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા, જ્યારે તેમની જીવનસંગિની મંજુલાબા પણ બાબરા ગામની અન્ય પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે પોતાની ફરજ નિભાવતાં. બંને શિક્ષણક્ષેત્ર સાથે જોડાયેલા હોવાથી તેમના જીવનમાં માત્ર પતિ-પત્નીનો સંબંધ નહોતો, પરંતુ એકબીજાના સહકર્મી, સહયોગી, મિત્ર અને જીવનસાથી તરીકેની સુંદર સમજણ પણ હતી. દિવસભર વિદ્યાર્થીઓના જીવનમાં જ્ઞાનનો દીવો પ્રગટાવ્યા પછી સાંજ પડતાં બંને પોતાના પરિવારના સુખ-દુઃખમાં એકબીજાના સાથી બનતાં. જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવી હોય, એકબીજાનો હાથ પકડીને આગળ વધવાની તેમની જીવનશૈલી હતી. તેમના દાંપત્ય જીવનની સૌથી સુંદર વાત હતી–પત્નીનું નામ મંજુલા હોવા છતાં પતિ તેમને માત્ર 'મંજુલા' કહીને નહીં, પરંતુ અત્યંત વહાલ અને લાગણીથી 'માન બા' કહીને બોલાવતા. 'માન બા'–આ માત્ર એક સંબોધન નહોતું. એમાં પત્ની પ્રત્યેનો પ્રેમ હતો, આદર હતો, આત્મીયતા હતી અને વર્ષોના સહજીવનમાંથી જન્મેલી એક અનોખી લાગણી હતી. કોઈ વ્યક્તિને આપણે કયા નામથી બોલાવીએ છીએ, તેના કરતાં પણ વધુ મહત્ત્વનું એ છે કે એ નામ બોલતી વખતે આપણા હૃદયમાં કેટલી લાગણી હોય છે. 'માન બા' શબ્દમાં પણ એવી જ લાગણી છલકાતી હતી. પત્ની માટેનું આ સંબોધન ધીમે ધીમે તેમના સમગ્ર દામ્પત્ય જીવનની ઓળખ બની ગયું. આ દંપતીને સંતાનરૂપે બે પુત્ર અને બે પુત્રીઓ મળ્યાં. જીવનની અનેક જવાબદારીઓ વચ્ચે બંનેએ પોતાના સંતાનોના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાનું સ્વપ્ન જોયું. શિક્ષક દંપતી હોવાને કારણે શિક્ષણનું મહત્ત્વ તેઓ સારી રીતે જાણતા હતા. તેથી સંતાનોને માત્ર ઉછેર્યા નહીં, પરંતુ તેમને ભણાવ્યાં, ગણાવ્યાં, સારા સંસ્કારો આપ્યાં અને જીવનમાં પોતાના પગ પર ઊભા રહેવા સક્ષમ બનાવ્યાં. માતા-પિતાની મહેનત, સંસ્કાર અને આશીર્વાદના પરિણામે ચારેય સંતાનો પોતાના જીવનમાં આગળ વધ્યાં અને સરકારી નોકરીઓ પ્રાપ્ત કરી. સંતાનોની સફળતામાં માતા-પિતાની વર્ષોની મહેનત, ત્યાગ અને નિઃસ્વાર્થ પ્રેમનો મોટો હિસ્સો હતો.

**- રૂપેશ સોલંકી**



### તીર્થધામ ચાણોદ-કરનાળી ખાતે

# શ્રાવણી અમાસે શ્રદ્ધાળુને ઘસારો

**શિવ મંદિરો હર હર મહાદેવ ના જય કારથી ગુંજી ઉઠ્યા. શિવજીને દૂધ નર્મદા જળ નો અભિષેક ચંદન અષ્ટગંધ કમળ ધનતુરાના ફૂલ બિલીપત્ર શહીત ના અભિષેકો કરી ધન્યતા અનુભવી હતી, પવિત્ર નર્મદા નદીનામાં સ્નાન કરી ધન્યતા અનુભવી હતી**



ચાણોદ, મુકેશ ખત્રી

ડભોઇ તાલુકાના તીર્થધામ ચાણોદ કરનારી ખાતે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન કુબેર ભંડારી સોમનાથ મહાદેવ ચાણોદ ખાતે કપિલેશ્વર મહાદેવ કાશી વિશ્વનાથ મહાદેવ ભીમપુરા ગંગાસ મહાદેવ નંદેરીયા ઉપજ્યોતિર્લિંગ નંદીકેશ્વર મહાદેવ સંગમ ખાતે પીંગલેશ્વર મહાદેવ રણમુક્તેશ્વર મહાદેવ સાહેબ ચાણોદ વિભાગમાં અનેક નાના મોટા શિવ મંદિરોમાં શ્રાવણ માસ નિમિત્તે શ્રદ્ધાળુઓનું ભારે ઘસારો જોવા મળ્યો હતો શ્રાવણ માસ દરમિયાન મંદિરોમાં શિવજીને દૂધ નો અભિષેક નર્મદા જળ તલ અષ્ટગંધ ચંદન કમળ ધંધુરાના ફૂલ બિલીપત્ર સહિત પુષ્પોના અભિષેક રુદ્રીના પાઠ ઓમ નમઃ શિવાય ના જાપ કરી શિવજીએ ની આરાધનામાં લીન બન્યા હતા શિવ મંદિરો માં ભક્તોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો

ચાણોદ ભીમપુરા ગંગનાથ મહાદેવ ખાતે શિવપુરાણ કથા નું આયોજન કરાયું હતું સાથે મેડિકલ કેમ્પ નું પણ આયોજન કરાયું હતું

આજે શ્રાવણ માસના અંતિમ દિવસ શ્રાવણી અમાસ મોડી રાત્રેથી શ્રદ્ધાળુ ભક્તોનો ઘસારો શરૂ થઈ ગયો હતો કુવેર ભંડારી ખાતે મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તોનો ઘસારો જોવા મળ્યો હતો તેમાં જિલ્લાભરમાંથી શિવ ભક્તો કરનારી ખાતે અમાસ ભરવા રહ્યો હતો કેટલાક શિવભક્તો પગપાળા કુબેરદાદા ના દર્શન માટે પદયાત્રા દ્વારા પણ પહોંચ્યા હતા

ચાણોદ ના બસ સ્ટેન્ડ પાસે ચારરસ્તા ખાતે નનુ શૌચાલય ઝાડીમાં ગ્રસ્ત બન્યું મુતરડીમાં માં સફાઈ વીના પારાવાર ગંદકી વચ્ચે ના પથ્થર પણ લાંબા સમયથી તુટેલા

ચાણોદ ના બસ સ્ટેન્ડ ચાર રસ્તા ખાતે આવેલ શૌચાલય વોશરૂમ ગંદકીથી ખદતા હોય તેમજ વહેલી સવારે બંધ રહેતા શ્રદ્ધાળુ ભક્તોને માં આ સંતોષ જોવા મળ્યો હતો વોશરૂમમાં એટલી બધી ગંદકી છવાયેલી જોવા મળે કે અંદર ઉભો રહેવાનો પણ અસહિયર લાગે પાણીની સુવિધા નથી કે નિયમિત મુતરડી ની સફાઈ થતી ન હોય તે સાફ જણાય છે મુતરડીમાં ફિનાઈલ થી ની સાફ-સફાઈ નિયમિત જરૂરી છે ડભોઇ તાલુકાના ભાજપાના ધારાસભ્ય સીએમ પટેલ સાહેબ દ્વારા તેમના કાર્યો કાળ માં શૌચાલય ખુલ્લુ મુકવામાં આવ્યું હતું પણ હાલ શૌચાલય મુતરડી ને બહાર થી જોતા વેલાઓ થી છવાયેલ જોવા મળે છે ઉપરની રૂમો ના બારણા તૂટેલા જોવા મળે છે બહારથી રાત્રિના લાઈટો જણાતી નથી ટોયલેટમાં પણ લાઈટ ની સુવિધા નથી વચ્ચેના પથ્થરો ઉખડી ગયેલ છે રસ્તે આવતા જતા બહારથી શ્રદ્ધાળુઓ અમને સંકોચ અનુભવે છે ત્યારે શૈચાલય ની ગામમાં આવી સુવિધા ઉપરોક્ત કરાવ્યા પછી તેની નિભાવની જવાબદારી કોની?????? તે સામે અનેક સવાલ ઊભા થાય છે

હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા સ્વચ્છતા ની ઝુંબેશ ચલાવાઈ રહી છે ત્યારે ઉપરોક્ત દ્રશ્યો શૌચાલયના વહીવટી શિથિલતા ઘણું બધું કહી જાય છે .

## અંબાજી માર્ગ પર ભક્તોને લૂંટતી ઘાતક ગેંગનો હડાદ પોલીસે કર્યો પર્દાફાશ: પાંચ લૂંટારૂઓ હથિયારો સાથે ઝડપાયા

હડાદ

રણુજા અને અંબાજી ધામ તરફ વાહનો લઈને જતા શ્રદ્ધાળુઓને નિશાન બનાવી પથ્થરમારો કરી લૂંટ ચલાવતી એક અત્યંત ઘાતક અને સક્રિય ગેંગનો હડાદ પોલીસે પર્દાફાશ કર્યો છે. અંબાજી માર્ગ પર ભયનો માહોલ ઊભો કરનાર આ ગેંગના પાંચેય આરોપીઓને પોલીસે ગણતરીના દિવસોમાં હથિયારો અને મોટરસાઈકલ સાથે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.




ગત 30 ઓગસ્ટના રોજ હડાદથી અંબાજી જવાના માર્ગ પર આવેલા ગનાપીપળી ઢાળ પાસેથી ફરિયાદી પોતાની કાર લઈને પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અંધારાનો લાભ લઈને ત્રાટકેલી આ લૂંટારૂ ગેંગે કાર પર અચાનક સખત પથ્થરમારો કર્યો હતો. કાર ઊભી રહેતા જ આરોપીઓએ ઘાતક છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી કારચાલક પાસે રહેલી મત્તાની લૂંટ ચલાવી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

શ્રદ્ધાળુઓ પર થયેલા આ હુમલાને પગલે હડાદ પોલીસ સ્ટેશને તુરંત જ ગંભીરતા દાખવી ખાસ ટીમોની રચના કરી હતી. બાતમીદારો અને ટેકનિકલ સોર્સના આધારે હડાદ પોલીસે દિવસ-રાત એક કરીને આખી ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે નીચે મુજબના મુદ્દામાલ સાથે તમામ પાંચેય આરોપીઓની ધરપકડ કરી છે.

હડાદ પોલીસની આ આક્રમક અને ઝડપી કામગીરીથી અંબાજી અને રણુજા તરફ જતા યાત્રાળુઓ તેમજ સ્થાનિક વાહનચાલકોમાં સુરક્ષાની ભાવના પ્રબળ બની છે. પકડાયેલા આરોપીઓ અગાઉ અન્ય કોઈ ગુનામાં સંળગ્ન છે કે કેમ તે અંગે હડાદ પોલીસે કડક પૂછપરછ હાથ ધરી છે.

### કલેક્ટરને આવેદન પત્ર આપ્યું

## 132 KV લાઈન નીચે મોબાઈલ ટાવરનું જોખમ!! રહીશો મેદાને

ભરૂચ

શહેરના પુષ્પમ બંગ્લોઝ, આશાપુરી સોસાયટી અને રચના નગર વિસ્તારમાં 132 KV હાઈટેન્શન વીજ લાઈન નજીક મોબાઈલ ટાવરનું કામ શરૂ થતાં રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. રહેણાંક વિસ્તારની વચ્ચે અને હાઈટેન્શન લાઈનની નજીક ટાવર ઉભો કરાઈ રહ્યો હોવાના આક્ષેપ સાથે રહીશોએ ભરૂચના એડિશનલ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક તપાસની માંગ કરી છે. રહીશોએ સવાલ ઉઠાવ્યો છે કે રહેણાંક વિસ્તાર અને 132 KV હાઈટેન્શન લાઈનની નજીક ટાવર ઉભો કરવાની મંજૂરી આપવામાં આવી છે કે કેમ? બાંધકામમાં જરૂરી મંજૂરીઓ તથા સલામતીના નિયમોનું પાલન થયું છે કે નહીં તેની સ્થળ તપાસ કરી હકીકત બહાર લાવવાની માંગ કરવામાં આવી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, હાઈટેન્શન લાઈન અને મોબાઈલ ટાવર નજીક હોવાથી વાવાઝોડું, વીજ અકસ્માત, શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ આકસ્મિક પરિસ્થિતિ સર્જાય તો ગંભીર જાનમાલનું જોખમ ઊભું થઈ શકે છે. આથી કોઈ દુર્ઘટના બને ત્યાર બાદ કાર્યવાહી કરવાને બદલે તંત્રે



અત્યારથી જ સાવચેતીના પગલાં ભરવા જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી છે. રહીશોએ એડિશનલ કલેક્ટર સમક્ષ સ્પષ્ટ માંગ કરી છે કે સમગ્ર મામલે તાત્કાલિક સ્થળ તપાસ કરાવી ટાવરની મંજૂરી અને સલામતીના ધોરણોની ચકાસણી કરવામાં આવે. જો બાંધકામ નિયમવિરુદ્ધ જણાય તો કામ તાત્કાલિક અટકાવી ટાવરને યોગ્ય અને સુરક્ષિત સ્થળે ખસેડવા કાર્યવાહી કરવામાં આવે. રહેણાંક વિસ્તારની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું જોખમ ચલાવી લેવામાં નહીં આવે તેવી ચીમકી પણ રહીશોએ ઉચ્ચારી છે.

## રાજપીપળામાં વેચાય છે સડેલા પાપડ? પેકેટ ખોલતાં જ ફૂગ જોઈ ગ્રાહકના હોશ ઉડી ગયા!

રાજપીપળા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળામાં ખાદ્ય સામગ્રીના વેચાણને લઈને ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. નાંદોદ તાલુકાના જીતગઢ ગામના વલવી રસિકભાઈ જગદીશભાઈએ સરદાર ઘંટી નજીકની એક દુકાનમાંથી ખરીદેલું પાપડનું પેકેટ ઘરે ખોલતાં અંદરથી પાપડ સડેલા અને ફૂગવાળા નીકળ્યા હતા. બનાવ સામે આવતાં ગ્રાહકમાં ભારે રોષ ફેલાયો છે. રસિકભાઈના જણાવ્યા મુજબ, ગુરુવારે દુકાનમાંથી પાપડનું નાનું પેકેટ ખરીદ્યું હતું. બીજા દિવસે સવારે પાપડ તળવા માટે તેલ ગરમ કરી પેકેટ ખોલતાં જ તમામ પાપડ પર ફૂગ જોવા મળી હતી. સદનસીબે પાપડ તળતા પહેલાં જ હકીકત સામે આવી, નહીં તો પરિવારના સભ્યો આ બગડેલી ખાદ્ય સામગ્રી ખાઈ લે તો આરોગ્ય પર ગંભીર અસર થઈ શકતી હતી. ગ્રામ્ય વિસ્તારોમાંથી રાજપીપળામાં ખરીદી કરવા આવતા ગ્રાહકોને જૂનો કે બગડેલો માલ પધરાવી દેવામાં આવે છે કે કેમ તે અંગે પણ હવે સવાલો ઊભા થયા છે. ખાદ્ય સામગ્રીમાં આવી બેદરકારી માત્ર ગ્રાહક સાથે છેતરપિંડી નહીં, પરંતુ સીધી રીતે લોકોના આરોગ્ય સાથે ચેડા સમાન છે.

## દાહોદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઇ

**કાયદો-વ્યવસ્થા, રોડ સેફ્ટી અને અનધિકૃત દબાણો હટાવવા બાબતે તંત્ર દ્વારા વિશેષ ભાર**

દેવગઢ બારીઆ, જાબીર શુક્લા

દાહોદ જિલ્લા કલેક્ટર ના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કાયદો અને વ્યવસ્થા, રોડ સેફ્ટી તેમજ અનધિકૃત દબાણો અંગેની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાનું ઉલ્લંઘન કરનારાઓ સામે કરવામાં આવેલી કડક કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, ખેડૂતોને પાક સંરક્ષણ માટે આપવામાં આવેલા હથિયારના પરવાના અને પાસા (PASA) હેઠળ થયેલી કાર્યવાહીની પણ વિસ્તૃત ચર્ચા કરાઈ હતી.

રોડ સેફ્ટી અંગેની સમીક્ષા દરમિયાન જિલ્લામાં નોંધાયેલા અકસ્માતો અને તેમાં થયેલા મૃત્યુની




આંકડાકીય માહિતી રજૂ કરવામાં આવી હતી. ગત મહિના દરમિયાન થયેલી કામગીરી જિલ્લા કલેક્ટર ના ધ્યાને મૂકવામાં આવી હતી. અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે કલેક્ટર એ આરટીઓ (RTO) વિભાગને સરપ્રાઈઝ વિઝિટ યોજવા અને હેલ્મેટ ડ્રાઈવનું આયોજન કરી કડક કાર્યવાહી કરવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. વધુ અકસ્માતો થતા હોય તેવા સંવેદનશીલ સ્થળો પર જાગૃતિ (અવેરનેસ) કાર્યક્રમો યોજવાની સાથે સ્થાનિક સ્તરે ફર્સ્ટ એઈડ (પ્રાથમિક સારવાર) તાલીમ આપવાનું પણ આયોજન કરવા સુચન કરાયા હતા.

જિલ્લામાં અનધિકૃત દબાણો અંગે ચર્ચા કરતા કલેક્ટરશ્રીએ રસ્તાઓ પર અડચણરૂપ બનતા દબાણોનું પુનઃ સર્વે (Re-survey) કરી ચોક્કસ ડેટા તૈયાર કરવા અને આવા દબાણો વહેલી તકે દૂર કરવા સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી.

### સેગવા નર્મદા કેનાલ પાસે પોલીસની ગતિવિધિઓને લઈને સ્થાનિકોમાં ચર્ચા

## સેગવા નર્મદા કેનાલ પાસે વાહનો રોકી તોડપાણીની બૂમ!! : પોલીસની ભૂમિકા સામે ઉઠ્યા ગંભીર સવાલો

**ચેકિંગના બહાને વાહનચાલકોને રોકી મેમોની ધમકી આપી નાણાં પડાવાતા હોવાના આક્ષેપ; આ જ સ્થળે અગાઉ એક ASI સસ્પેન્ડ થયાનો ઉલ્લેખ**

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના સેગવા મુકામે ચાર રસ્તા નો મિલાપ થાય છે અને રંગ સેતુ પુલ ઉપર થી રાજપીપળા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાય છે. જેથી વાહનોની અવર જવર રહે છે. જેનો શિનોર ની અસલી કે નકલી પોલીસ ફાયદો લઈને વાહનોને રોકી તોડપાણી કર્યાની બુમ ઉઠેલ છે. શિનોર પોલીસ આ બાબતે જાગૃત થશે ખરી ??? શિનોર તાલુકાના સેગવાથી બીથલી અને રંગસેતુ તરફ જતાં સેગવા પાસે નર્મદા કેનાલનું નાળુ આવે છે. તારીખ 8 સપ્ટેમ્બર 2026 ના રોજ આ નર્મદા કેનાલની પાસે વડોદરા જિલ્લા રૂરલ પોલીસ લખેલી જીપ ગાડી ઊભી હતી અને આવતી જતી ગાડીઓને ચેકિંગના બહાને રોકતા હતા અને પોલીસની ભાષામાં અધિકાર બહારની પણ વાતો કરતા હતા અને છેલ્લે મેમો આપવાની ધમકી આપતા હતા, પરંતુ મેમો આપતા નહોતા, જેના કારણે ના છૂટકે બહારના વાહન ચાલકોને હેરાનગતિમાં મુકાવું ના પડે તે માટે નાણાકીય તોડ પાણી કરાતી હતી. શિનોર પોલીસ આ હકીકતની તપાસ કરે એ જરૂરી છે.

તારીખ 8 નવેમ્બર 2025 ના રોજ નર્મદા કેનાલના આ નાળા પાસે બનેલા અઘોરી પ્રથા તથા કાળા જાદુ અને એકના ડબલના ગુનામાં સેગવા પોલીસ ચોકીના એક એ. એસ.આઈ જેલ ભેગા થયા હતા અને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તારીખ 20 ઓગસ્ટ 2026 ના રોજ કુક્સ-મોટા ફોફળિયા રોડ ઉપર એક ખાનગી ફાર્મમાં બહારના લોકો દારૂ તથા જુગારની મહેફિલ કરતા હતા, ત્યાં અસલી કે નકલી પોલીસે પહોંચીને ખાણીપીણી કરી, અને છ આંકડાની રકમની તોડપાણી કરી હતી, તે પોલીસ અસલી હતી કે નકલી હતી તેની પણ તપાસ આજ દિન સુધી પોલીસે કરી નથી. જે કિસ્સો આજે પણ લોકોની ચર્ચાની એરણ છે.

### 16મા નાણાપંચની ગ્રાન્ટમાં સુધારાની માંગ

## છોટાઉદેપુર જિલ્લામાં રોડ-રસ્તા અને પીવાના પાણીના કામોને વધુ પ્રાથમિકતા આપવા સરપંચ સંઘનું કલેક્ટરને આવેદન

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને 16મા નાણાપંચની ગ્રાન્ટની જોગવાઈઓમાં સુધારો કરવાની માંગ ઉઠી છે. જેતપુર પાવી તાલુકા સરપંચ સંઘ દ્વારા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપી ગ્રામ્ય વિસ્તારોમાં રોડ-રસ્તા અને પીવાના પાણીના કામોને વધુ પ્રાથમિકતા આપવા રજૂઆત કરવામાં આવી હતી.

સરપંચ સંઘ દ્વારા રજૂઆતમાં જણાવાયું હતું કે 16મા નાણાપંચ હેઠળ ગ્રામ પંચાયતો માટે જાહેર કરવામાં આવેલી નવી માર્ગદર્શિકા મુજબ અન-ટાઈડ ગ્રાન્ટમાંથી માત્ર 20 ટકા રકમ રોડ-રસ્તાના કામો માટે ઉપયોગમાં લેવાની જોગવાઈ છે. આ ઉપરાંત ટાઈડ ગ્રાન્ટમાંથી 20થી 30 ટકા જેટલી રકમ સ્વચ્છતા, કમ્પોસ્ટ પીટ અને




ડસ્ટબીન જેવા કામો માટે ફાળવવાની જોગવાઈ અંગે પણ સરપંચ સંઘે વાંધો વ્યક્ત કર્યો છે.

સરપંચ સંઘના જણાવ્યા મુજબ છોટાઉદેપુર જિલ્લો ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તાર ધરાવે છે. અનેક ગામોમાં ઘરો છૂટાછવાયા આવેલા હોવાથી સામૂહિક કમ્પોસ્ટ પીટ અને ડસ્ટબીન જેવી વ્યવસ્થાનો પૂરતો ઉપયોગ થઈ શકતો નથી. બીજી તરફ ચોમાસા દરમિયાન અંતરિયાળ પરાંઓને જોડતા રસ્તાઓની સ્થિતિ કથળી જતી હોવાથી ગ્રામજનોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ ઉપરાંત બારેમાસ શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવું ગ્રામ્ય વિસ્તારોની મહત્વની જરૂરિયાત હોવાનું પણ આવેદનપત્રમાં જણાવાયું હતું. સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને રાખીને ગ્રાન્ટના ઉપયોગમાં ગ્રામ પંચાયતોને વધુ સ્વાયત્તતા આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. સરપંચ સંઘે સરકાર સમક્ષ રોડ-રસ્તા તથા પાણી પુરવઠાના કામો માટે ગ્રાન્ટમાંથી વધુ રકમ વાપરવાની મંજૂરી આપવા તેમજ ગ્રામ પંચાયતોને મળતી મૂળ ગ્રાન્ટમાં રૂ. 5 લાખથી 10 લાખ સુધીનો વધારો કરવાની પણ માંગ કરી છે.

હવે જેતપુર પાવી તાલુકા સરપંચ સંઘની આ રજૂઆત બાદ સરકાર અને વહીવટી તંત્ર દ્વારા શું નિર્ણય લેવામાં આવે છે તે જોવું રહ્યું.

## જીતનગર ચોકડી પર સામસામે ટક્કર બાદ કારમાં ભડકો, ત્રણ ભાઈ દાઝ્યા

રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં જીતનગર ચોકડી પાસે બે ફોરવ્હીલ વચ્ચે સામસામે અકસ્માત થતાં એક કારમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. કારમાં સવાર ત્રણ ભાઈઓ આગની ઝપેટમાં આવી દાઝી જતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. મળતી માહિતી મુજબ બોડેલીના રજાનગર ઢોકળીયા વિસ્તારમાં રહેતા આશિકભાઈ હરીલાલ ગોસાઈ પોતાના બે ભાઈઓ યોગેશભાઈ અને નરેશભાઈ સાથે મહારાષ્ટ્રમાં સાસરી તરફ જઈ રહ્યા હતા. દરમિયાન જીતનગર ચોકડી પાસે GJ-15-AX-1919 નંબરની મારૂતિ સુઝુકી અર્ટિગા સાથે GJ-06-JE-6359 નંબરની ઈક્કો ગાડીનો અકસ્માત થયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે ઈક્કો ગાડીમાં અચાનક આગ લાગી ગઈ હતી. આગ લાગતાં ત્રણેય ભાઈઓ ગાડીમાંથી બહાર નીકળવા મથ્યા હતા. આ દરમિયાન આશિકભાઈને ડાબા હાથની કોણી તથા ખભાના પાછળના ભાગે દાઝવાની ઈજા થઈ હતી.

## દેડિયાપાડામાં 6 ખેડૂતોના ટ્રેક્ટર લઈ ગયા, ભાડું તો ઠીક ટ્રેક્ટર પણ પરત ન આપ્યા; 6 સામે ફરિયાદ

નર્મદા

દેડિયાપાડા તાલુકાના અલગ-અલગ ગામોના છ ખેડૂતો પાસેથી ત્રણ માસના ભાડા કરારથી ટ્રેક્ટર લઈ ગયા બાદ માત્ર પ્રથમ માસનું ભાડું ચૂકવી ત્યારબાદ ભાડું બંધ કરી દેવામાં આવ્યું હતું. કરારની મુદત પૂર્ણ થયા બાદ પણ ટ્રેક્ટર પરત ન આપતાં આખરે છ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ બાકી ભાડું અને ટ્રેક્ટરોની કિંમત સહિત અંદાજે રૂ.60 લાખની રકમ ફસાઈ છે.

ફરિયાદ મુજબ આરોપીઓએ ખેડૂતો પાસેથી મહિન્દ્રા ભૂમિપુત્ર 475 સહિત કુલ છ ટ્રેક્ટર ભાડે લીધા હતા. પ્રથમ માસનું ભાડું ચૂકવ્યા બાદ બીજા માસથી ભાડું આપવાનું બંધ કરી દીધું હતું. ત્રણ માસનો કરાર પૂર્ણ થયા પછી ખેડૂતો દ્વારા વારંવાર ટ્રેક્ટર અને બાકી ભાડાની રકમ પરત માંગવામાં આવી હોવા છતાં ટ્રેક્ટરો પરત કરવામાં આવ્યા નહોતા. આ મામલે અરવિંદભાઈ જેઠીયાભાઈ વસાવાએ દેડિયાપાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં મહારાષ્ટ્રના અક્કલકુવા સહિત સેલંબા-સાગબારા વિસ્તારના રૂપસીંગભાઈ વસાવે, હુસેન કયુમ ઉર્ફે બાપુ, કયુમ મકરાણી, મહંમદ અલી, હેમંતભાઈ મહંમદભાઈ મકરાણી અને જે.ડી. મુસ્લિમ સામે ગુનાહિત વિશ્વાસઘાત અને કાવતરાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદી અરવિંદભાઈના જણાવ્યા મુજબ ખેડૂતોનો હિસાબ કરતાં બાકી ભાડું અને ટ્રેક્ટરો મળી અંદાજે રૂ.60 લાખ જેટલી રકમ લેવાની થાય છે. દેડિયાપાડા પોલીસે છ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ટ્રેક્ટરો ક્યાં છે અને ખેડૂતોના ટ્રેક્ટર તથા બાકી રકમ પરત કેમ ન અપાઈ તે દિશામાં તપાસ શરૂ કરી છે.

## છોટાઉદેપુર જિલ્લાનાબોડેલી ખાતે ભાજપના ગુજરાત પ્રભારીની મુલાકાત

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે ભાજપના ગુજરાત રાજ્યના નવા નિયુક્ત પ્રભારી તરુણ ચૂગજીની પ્રથમ મુલાકાત યોજાઈ હતી. પ્રભારીના બોડેલી ખાતે આગમન સમયે સ્વામિનારાયણ મંદિર ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ તથા પૂર્વ ધારાસભ્ય ગીતાબેન રાઠવા સહિત ભાજપના હોદ્દેદારો અને કાર્યકરોએ તેમનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

બોડેલીના સ્વામિનારાયણ મંદિરે પહોંચ્યા બાદ ગુજરાત ભાજપના પ્રભારીએ સ્વામિનારાયણ ભગવાનના દર્શન કર્યા હતા. આ પ્રસંગે મંદિરના સંતો દ્વારા તેમનું પુષ્પહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

છોટાઉદેપુર જિલ્લામાં વિધાનસભાની આગામી ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે ગુજરાતના નવા પ્રભારીની આ પ્રથમ મુલાકાત હોવાથી ભાજપના કાર્યકરો અને હોદ્દેદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જોકે, પ્રભારી નિયત સમય કરતાં અંદાજે એક કલાક મોડા પહોંચ્યા હતા.

ત્યારબાદ આખો દિવસ ભાજપના અલગ-અલગ હોદ્દેદારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે તબક્કાવાર બેઠકો યોજવામાં આવી હતી. બેઠક દરમિયાન સંગઠનની કામગીરી, આગામી વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

પ્રભારીએ ભાજપના ચૂંટાયેલા પાંખના નેતાઓ તેમજ સંગઠનના હોદ્દેદારો સાથે બેઠક યોજી પાર્ટીની કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું.



### સોનલ ચૌહાણે વર્ષ 2008માં 'જન્નત' ફિલ્મથી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી

# જન્નત ફેમ અભિનેત્રી સોનલ ચૌહાણ જોવા મળી લહેંગા સ્ટાઈલમાં

મુંબઈ

'જન્નત' ફિલ્મથી રાતોરાત લોકપ્રિય બનેલી સોનલ ચૌહાણ આજે પણ પોતાની સુંદરતા અને અભિનય માટે જાણીતી છે. સોનલ ચૌહાણે વર્ષ 2008માં ઈમરાન હાશ્મી સાથે 'જન્નત' ફિલ્મથી બોલિવૂડમાં ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ફિલ્મોમાં આવતા પહેલા સોનલ મોડેલિંગની દુનિયામાં સક્રિય હતી અને અનેક બ્યુટી કોન્ટેસ્ટમાં ભાગ લઈ ચૂકી હતી. સોનલ ચૌહાણને ફિલ્મ 'જન્નત'માં ઝોયા માથુરના પાત્રથી દર્શકોમાં ખાસ ઓળખ મળી હતી. અભિનેત્રી હિન્દી ઉપરાંત સાઉથ ઈન્ડિયન ફિલ્મોમાં પણ પોતાના અભિનયનો જાદુ બતાવી ચૂકી છે. સોનલ પોતાની ફિટનેસ, સ્ટાઈલ અને ગ્લેમરસ લુકને કારણે સોશિયલ મીડિયા પર પણ સતત ચર્ચામાં રહે છે. લાંબી કારકિર્દી બાદ પણ સોનલ ચૌહાણની લોકપ્રિયતા યથાવત છે અને તેના નવા લુક તથા પ્રોજેક્ટ્સની ચાહકો આતુરતાથી રાહ જુએ છે. સોનલ ચૌહાણ પહેલી ફિલ્મથી જ નેશનલ ક્રશ બની ગઈ છે. ત્યારબાદ તે અનેક ફિલ્મો અને મ્યુઝિક વીડિયોમાં જોવા મળી હતી પરંતુ તેનું બોલિવુડ કરિયર કાંઈ ખાસ રહ્યું નથી. સોનલ ચૌહાણએ સાઉથ ઈન્ડિસ્ટ્રીનો સહારો લીધો અને તેમાં પણ ખુબ એક્ટિવ રહી હતી. એક હિન્દી ફિલ્મમાં તેમણે 30 કિસ સીન આપી ચર્ચામાં રહી હતી. તેમ છતાં તે બોલિવુડમાં ટકી શકી નહિ. 16 મે 1987માં નોઈડામાં સોનલ ચૌહાણનો જન્મ થયો હતો. તેમણે નોઈડાની જ દિલ્હી પબ્લિક સ્કુલમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તે દિલ્હીની ગાર્ગી કોલજથી આગળનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. સોનલે 2005માં મિસ વર્લ્ડ ટુરિઝમનો ખિતાબ જીત્યો હતો અને આ ટાઈટલ જીતનાર સોનલ પ્રથમ ભારતીય છે. સોનલ પહેલી વખત હિમેશ રેશમિયાના આલ્મબ આપકા સુરુરનું ગીત સમજોનામાં જોવા મળી હતી. ત્યારબાદ ફિલ્મ જન્નતમાં પહેલી વખત ઈમરાન હાશ્મી સાથે જોવા મળી હતી. આ ફિલ્મ ખુબ હિટ રહી હતી. ત્યારબાદ સોનલ અનેક ફિલ્મોમાં કામ કર્યું પરંતુ સફળ રહી નહિ. 2013માં નીલ નિતિન મુકેશની સાથે અભિનેત્રી જોવા મળી હતી, પરંતુ આ ફિલ્મ પણ ફ્લોપ રહી હતી. આ ફિલ્મમાં 30 કિસ સીન આપ્યા હતા. 3G ફિલ્મમાં અનેક બોલ્ડ સીન પણ આપ્યા હતા તેમ છતાં ફિલ્મ ફ્લોપ સાબિત થઈ હતી.

**3G ફિલ્મમાં સોનલે અનેક બોલ્ડ સીન પણ આપ્યા હતા તેમ છતાં ફિલ્મ ફ્લોપ સાબિત થઈ હતી**

# રણવીર BMW ઈન્ડિયાનો બ્રાન્ડ એમ્બેસેડર બન્યો

## નવી '7 સિરીઝ' રેન્જ પરથી પડદો ઉઠાવ્યો; અગાઉ બે કાર કંપનીનો ચહેરો રહી ચૂક્યો છે 'ધુરંધર' એક્ટર

મુંબઈ

નવી દિલ્હીમાં BMW ઈન્ડિયાએ શુક્રવારે તેની નવી 'BMW 7 સિરીઝ' રેન્જ લોન્ચ કરી. આ ખાસ અવસરે 'ધુરંધર' એક્ટર રણવીર સિંહને BMW ઈન્ડિયાના નવા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રજૂ કરવામાં આવ્યો. લોન્ચ ઈવેન્ટમાં નવી 'BMW 7 સિરીઝ' રેન્જ પરથી પડદો રણવીર સિંહે ઉઠાવ્યો. આ અવસરે BMWની ફ્લેગશિપ 7 સિરીઝ અને રણવીર સિંહની હાજરી એકસાથે જોવા મળી.

રણવીર સિંહે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે આ લોન્ચમાં ભાગ લીધો. BMW અનુસાર, આ ભાગીદારી શ્રેષ્ઠતા, મહત્વાકાંક્ષા અને કંઈક અસાધારણ કરવાની ઈચ્છા દર્શાવે છે. રણવીર સિંહે BMWની ફ્લેગશિપ લક્ઝરી સેડાન, નવી BMW 7 સિરીઝ રેન્જ પરથી પડદો ઉઠાવ્યો. BMWની ફ્લેગશિપ સેડાન પેટ્રોલ અને સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક પાવરટ્રેન સાથે ઉપલબ્ધ થશે. સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક પર્ફોર્મન્સ મોડેલ 'BMW i7 M70' પણ ભારતમાં ગ્રાહકો માટે ઉપલબ્ધ થશે.

'BMW i7 M70' અત્યાર સુધીની સૌથી પાવરફુલ BMW 7 સિરીઝ હશે. આ કારની ડિલિવરી ઓક્ટોબર 2026થી શરૂ થશે. રણવીર આ પહેલા સ્કોડા ઓટો ઈન્ડિયાનો બ્રાન્ડ ફેસ હતો. ફેબ્રુઆરી 2025માં સ્કોડાએ તેને પોતાનો પહેલો 'બ્રાન્ડ સુપરસ્ટાર' જાહેર કર્યો હતો. કંપનીએ રણવીરને પોતાની નવી બ્રાન્ડ સ્ટ્રેટેજી અને કાયલાક SUVના પ્રમોશનલ કેમ્પેઈનમાં સામેલ કર્યો હતો.

જોકે, રણવીરનો કાર કંપનીઓ સાથેનો સંબંધ માત્ર સ્કોડા પૂરતો સીમિત રહ્યો નથી. તે પહેલા 'મારુતિ સુઝુકી નેક્સા'નો પણ બ્રાન્ડ એમ્બેસેડર રહી ચૂક્યો છે. 2014માં તેને નેક્સા રેન્જનો ચહેરો બનાવવામાં આવ્યો હતો.




# 18 વર્ષ પછી એકસાથે આવ્યા અક્ષય-સૈફ, નેગેટિવ રોલમાં અક્ષયનો ધમાકો

## ડાર્ક થીમ, સસ્પેન્સ અને અક્ષયના નેગેટિવ રોલે ફેન્સની ઉત્સુકતા વધારી દીધી છે

મુંબઈ

અક્ષય કુમાર અને સૈફઅલી ખાનની નવી ફિલ્મ 'હૈવાન' 11 સપ્ટેમ્બરના રોજ રિલીઝ થઈ રહી છે. કોમેડી ફિલ્મ માટે જાણીતા એવા ફિલ્મમેકર પ્રિયદર્શન હવે એક્શન ફિલ્મ લઈને આવી રહ્યા છે. રિલીઝ પહેલા જ આ ફિલ્મ ચર્ચા હતી. હવે એ વાત જાણવા મળી છે કે, આ ફિલ્મમાં અક્ષય કુમાર નેગેટિવ રોલમાં છે. 18 વર્ષ બાદ અક્ષય અને સૈફ સ્ક્રિન શૅર કરી રહ્યા છે. ડાર્ક થીમ, સસ્પેન્સ અને અક્ષયના નેગેટિવ રોલે ફેન્સની ઉત્સુકતા વધારી દીધી છે. ફિલ્મ જોયા બાદ અનેક એવા ફેન્સ સોશિયલ મીડિયા પર પોતાનો મત વ્યક્ત કરી રહ્યા છે. ફેન્સ આને ઈન્ટેન્સ અને દમદાર રીવેન્જ ફિલ્મ તરીકે ગણાવી રહ્યા છે. જ્યારે સૈફની એક્ટિંગના વખાણ કરી રહ્યા છે. દમદાર થ્રિલર પણ બેઠી કોપી નથી ફેન્સ આ ફિલ્મને 4 સ્ટાર રેટિંગ આપીને એન્ટરટેઈનિંગ ગણાવી રહ્યા છે. અક્ષય ફિલ્મની મુખ્ય વ્યક્તિ છે જ્યારે સૈફની આસપાસ સ્ટોરી ફરે છે. અક્ષક પાત્રમાં અંદર સુધી ઘુસી ગયો છે, જ્યારે સૈફની એક એક ફ્રેમ એવી છે જે મિસ કરવા જેવી નથી. આ એક પ્રભાવશાળી અને દમદાર થ્રિલર ફિલ્મ છે. મલયાલમ ફિલ્મ 'ઓપમ' ની હિન્દી રીમેક ફિલ્મ છે. પણ હિન્દીની ફિલ્મમાં ક્લાઈમેક્સ અલગ હોવાનું જાણવા મળ્યું છે. ફેન્સ એવું કહે છે કે, સ્ટોરી એક હોઈ શકે પણ ફિલ્મની રજૂઆત ઘણી અલગ છે. આને રીમેક ફિલ્મ કહેવી ન જોઈએ. ફેન્સ આને ફિલ્મની દ્રષ્ટિએ જુએ તો ફિલ્મ સારી છે. પ્રિયદર્શને હિન્દી ફિલ્મની સ્ટોરી માટે ખરેખર એક નકશીકામ કર્યું છે. કેટલાક ફેન્સે આ ફિલ્મને એવરેજ ફિલ્મ કહી છે. કારણ કે સૈફ કરતા અક્ષયના પાત્રને વધારે એક્સપાન કરી દેવામાં આવ્યું છે. સ્ક્રિનપ્લેમાં ઘણું ઘટી રહ્યું છે. કેટલાક સીનની જરૂર ન હતી છતા વાર્તા સાથે જોડી દેવામાં આવ્યા છે. ઈન્ટરવલ બાદ ફિલ્મ સ્પીડ પકડે છે ઈન્ટરવલ બાદ ફિલ્મ સ્પીડ પકડે છે. આ એક મલ્ટિ ફ્લેવર કોમ્બિનેશન ફિલ્મ છે.




# 'દ વન'ના 'છઠ્ઠી મૈયા'માં જોવા મળી છઠની આસ્થા અને વન દેવીની શક્તિ

## ઝી મ્યુઝિકના લેબલ હેઠળ રિલીઝ થયેલા આ ગીતને વિશાલ મિશ્રાએ ગાયું અને કમ્પોઝ કર્યું છે, જ્યારે તેના બોલ કૌશલ કિશોરે લખ્યા છે

મુંબઈ

'દ વન'નું નવું ગીત 'છઠ્ઠી મૈયા' રિલીઝ થઈ ગયું છે, જેમાં છઠ પૂજાની આસ્થા, પરંપરા અને બિહારની સંસ્કૃતિની સુંદર ઝલક જોવા મળે છે. તમન્ના ગીતમાં છઠ્ઠી મૈયાની ભક્તિ સાથે ફિલ્મની ફોકલોર ફેન્ટસી દુનિયા અને વન દેવીની શક્તિ સાથે જોડાયેલી જોવા મળે છે. ઝી મ્યુઝિકના લેબલ હેઠળ રિલીઝ થયેલા આ ગીતને વિશાલ મિશ્રાએ ગાયું અને કમ્પોઝ કર્યું છે, જ્યારે તેના બોલ કૌશલ કિશોરે લખ્યા છે અને કોરિયોગ્રાફી ચિન્ની પ્રકાશે કરી છે. વિશાલ મિશ્રાએ ગીતને બિહાર, ઉત્તર પ્રદેશ અને ઝારખંડની છઠની પવિત્ર પરંપરાને સમર્પિત એક નાનકડી ભેટ ગણાવી છે. આ પહેલાં 'સમઝો ના' દ્વારા ફિલ્મની રોમેન્ટિક દુનિયાની ઝલક મળી હતી, જ્યારે 'છઠ્ઠી મૈયા' ફિલ્મના આધ્યાત્મિક અને રહસ્યમય પાસાને સામે લાવે છે.

બાલાજી મોશન પિક્ચર્સ, ટીવીએફ અને 11.11 પ્રોડક્શન દ્વારા પ્રસ્તુત 'દ વન'માં સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના મુખ્ય ભૂમિકામાં છે. અરુણાભ કુમારની વાર્તા અને દીપક મિશ્રાના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મમાં ફેન્ટસી, ફોકલોર, મિસ્ટ્રી, એડવેન્ચર અને રોમાન્સ જોવા મળશે.

'દ વન' 25 સપ્ટેમ્બર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ધ વનનું દિગ્દર્શન પંચાયત સીરિઝના દિગ્દર્શક દીપક મિશ્રાએ કર્યું છે અને ટીવીએફના અરુણાભ કુમાર તથા એકતા કપૂર તેના પ્રોડ્યુસર છે. ફિલ્મની સ્ટોરી પણ અરુણાભ કુમારે જ લખી છે. હવે દીપક મિશ્રા અને અરુણાભ કુમારે જણાવ્યું છે કે તેમને આ ફિલ્મની સ્ટોરીની પ્રેરણા ક્યાંથી મળી અને તેમણે આ ફિલ્મ બનાવવાનો વિચાર કેવી રીતે કર્યો. સિદ્ધાર્થ મલ્હોત્રા હાલમાં પોતાની આગામી ફિલ્મ ધ વન-ફોર્સ ઓફ ફોરેસ્ટને લઈને ચર્ચામાં છે, જેમાં તેની સાથે તમન્ના ભાટિયા પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

# 'જેને દ્રાક્ષ ન મળે, તેને ખાટી જ લાગે':નેહા કક્કડે રિયાલિટી શો 'સ્ક્રિપ્ટેડ' હોવાના દાવાને ફગાવ્યા

મુંબઈ

બોલિવૂડ સિંગર નેહા કક્કડે સિંગિંગ રિયાલિટી શોઝના સ્ક્રિપ્ટેડ અને 'ફેક' હોવાની વાતને નકારી કાઢી છે. આ દરમિયાન તેણે સુનિધિ ચૌહાણ પર આડકતરી રીતે નિશાન પણ સાધ્યું હતું. તાજેતરમાં મીડિયા સાથેની વાતચીત દરમિયાન નેહા કક્કડને રિયાલિટી શોઝના સ્ક્રિપ્ટેડ હોવા અને TRP ઘટવા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો. તેને સુનિધિ ચૌહાણ જેવા ઘણા જજોના નિવેદનો પર પણ પ્રતિક્રિયા માંગવામાં આવી. આના પર નેહા કક્કડે કહ્યું, 'TRP એટલા માટે ઘટી ગઈ કારણ કે મેં કરવાનું છોડી દીધું! જ્યાં સુધી હું કરી રહી હતી, TRP સૌથી વધુ હતી. પણ હું એ કહેવા માંગીશ, 'દ્રાક્ષ ન મળે તો ખાટી છે', લોકો આવું બોલે છે. તો એવું જ છે. જેને દ્રાક્ષ નથી મળતી, તેને ખાટી જ લાગે છે.' તેણે આગળ કહ્યું, 'આ શો બિલકુલ સ્ક્રિપ્ટેડ નથી. લોકોની લાઈફ બિલકુલ સ્ક્રિપ્ટેડ નથી હોતી. અલબત્ત, આપણે ભારતીયો મોટે ભાગે બધા સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી જ આવીએ છીએ. હું પોતે સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવી છું અને જો મને કોઈની વાર્તા સાંભળીને ભાવુકતા અનુભવાય છે, હું લાગણીઓ અનુભવું છું, તો અલબત્ત, લાગણીઓ અનુભવવી સ્વાભાવિક છે.' તેણે કહ્યું, 'આપણે બધા ખબર નહીં કયા-કયા નાના-નાના શહેરોમાંથી આવીએ છીએ, અને કેટલી-કેટલી મુશ્કેલીઓ પાર કરીને આવીએ છીએ. તો અલબત્ત, તે બધા સ્પર્ધકો અચાનક કોઈ નવી વાર્તા બનાવીને તો નહીં આવે. જે સાચું છે, તે જ સાચું છે, અને તે જ અમને જોવા મળ્યું.' સિંગર સુનિધિ ચૌહાણે રાજ શમાનીના પોડકાસ્ટમાં સિંગિંગ રિયાલિટી શોના બદલાતા ફોર્મેટ પર ખુલીને વાત કરી હતી. સુનિધિએ કહ્યું હતું કે, તેને 'ઈન્ડિયન આઈડલ'ના શરૂઆતના બે વર્ષ ખૂબ ગમ્યા હતા. તે સમયે શોમાં વસ્તુઓ સારી રીતે ચાલી રહી હતી. તેના મતે, ત્યારે રિયાલિટી શોનું ફોર્મેટ આજથી ઘણું અલગ હતું.



પાક્કો ગુજરાત
શનિવાર | 12 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### શેફાલી વર્માએ 64 અને દીપ્તિ શર્માએ 3 વિકેટ લઈ જીતમાં મહત્વનો ફાળો આપ્યો

# ભારતની શાનદાર જીત, બાંગ્લાદેશને હરાવી ફાઈનલમાં એન્ટ્રી

મુંબઈ

મહિલા એશિયા કપ 2026ની પ્રથમ સેમિફાઈનલમાં ભારતીય મહિલા ટીમે બાંગ્લાદેશને 40 રને હરાવીને ફાઈનલમાં શાનદાર પ્રવેશ કર્યો છે. ભારતે પ્રથમ બેટિંગ કરતાં 20 ઓવરમાં 6 વિકેટે 149 રન બનાવ્યા હતા.

તેના જવાબમાં બાંગ્લાદેશની ટીમ ભારતીય બોલરો સામે સંઘર્ષ કરતી જોવા મળી અને 20 ઓવરમાં 7 વિકેટે માત્ર 109 રન જ બનાવી શકી. આ જીત સાથે ભારતે વધુ એક વખત મહિલા એશિયા કપના ફાઈનલમાં પોતાનું સ્થાન પાક્કું કર્યું છે. શેફાલી અને દીપ્તિએ જીતનો પાયો રચ્યો. ભારતની જીતમાં શેફાલી વર્મા અને દીપ્તિ શર્માનું



પ્રદર્શન સૌથી વધુ ચર્ચામાં રહ્યું. શેફાલીએ શરૂઆતથી જ આક્રમક બેટિંગ કરતાં 40 બોલમાં 64 રનની તોફાની ઈનિંગ રમી હતી. તેની ઈનિંગમાં 7 ચોગ્ગા અને 3 છગ્ગાનો સમાવેશ થયો હતો. દીપ્તિ શર્માએ બેટથી 6 બોલમાં 13 રન બનાવ્યા હતા અને ત્યારબાદ બોલિંગમાં 4 ઓવરમાં 26 રન આપી 3 મહત્વપૂર્ણ વિકેટ ઝડપી હતી. કેપ્ટન હરમનપ્રીત કૌરે પણ 28 બોલમાં અણનમ 24 રનનું યોગદાન આપ્યું હતું. ભારતની બેટિંગની વાત કરીએ તો સ્મૃતિ મંધાનાએ 5 બોલમાં 2 રન બનાવ્યા હતા. શેફાલી વર્માએ 40 બોલમાં 64 રન ફટકાર્યા હતા જેમાં 7 ચોગ્ગા અને 3 છગ્ગા સામેલ હતા. પ્રતિકા રાવલે 24 બોલમાં 20 રન બનાવ્યા હતા અને એક ચોગ્ગો તથા એક છગ્ગો ફટકાર્યો હતો. હરમનપ્રીત કૌર 28 બોલમાં 24 રન બનાવી અણનમ રહી હતી, જેમાં 2 છગ્ગા સામેલ હતા. ઋચા ઘોષે 16 બોલમાં 21 રન બનાવ્યા હતા અને 2 છગ્ગા ફટકાર્યા હતા. દીપ્તિ શર્માએ 6 બોલમાં 13 રન બનાવ્યા હતા જેમાં એક ચોગ્ગો અને એક છગ્ગો સામેલ હતો. ભારતી ફુલમાલી 1 બોલમાં ખાતું ખોલાવ્યા વગર રનઆઉટ થઈ હતી. ભારતને 5 એક્સ્ટ્રા રન મળ્યા હતા, જેમાં 1 લેગ બાય અને 4 વાઈડનો સમાવેશ થયો હતો.

## કાઉન્ટીમાં કુલદીપને 10 વિકેટ:ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં આવું પહેલીવાર કર્યું

વોશિંગ્ટન

કુલદીપ યાદવે લીડ્સના હેડિંગ્લેમાં એસેક્સ સામેની કાઉન્ટી ચેમ્પિયનશિપ મેચમાં 10 વિકેટ લીધી. આ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તેમનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. તેમના પ્રદર્શનથી યોર્કશાયરે એસેક્સને એક ઈનિંગ્સ અને 106 રનથી હરાવ્યું. યોર્કશાયરે પ્રથમ બેટિંગ કરતા 390 રન બનાવ્યા.

કુલદીપે 94 બોલમાં 36 રન પણ બનાવ્યા. તેના જવાબમાં એસેક્સની પ્રથમ ઈનિંગ્સ 171 રનમાં સમેટાઈ ગઈ. કુલદીપે 23 ઓવરમાં 70 રન આપીને 4 વિકેટ લીધી. ફોલોઓન રમતા એસેક્સની બીજી ઈનિંગ્સમાં કુલદીપે 16 ઓવરમાં 50 રન આપીને 6 વિકેટ લીધી. તેમની બોલિંગ સામે એસેક્સની ટીમ 40 ઓવરમાં 113 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. કુલદીપે મેચમાં કુલ 10 વિકેટ લીધી અને 120 રન આપ્યા. યોર્કશાયરે ત્રીજા દિવસે જ મેચ એક ઈનિંગ્સ અને 106 રનથી પોતાના નામે કરી લીધી. હેડિંગ્લેની પિચે કુલદીપને ફાયદો કરાવ્યો કુલદીપે મેચ પહેલા હેડિંગ્લેની પિચને પોતાની બોલિંગ માટે સારી ગણાવી હતી. તેણે કહ્યું હતું કે વિકેટમાં પહેલેથી જ ઝડપ હતી, તેથી તેને બોલને વધુ ઝડપથી ફેંકવાની જરૂર ન પડી. બોલમાં સારો સ્પિન અને યોગ્ય ટપ્પો તેની રણનીતિનો ભાગ હતો.

### ટ્રાયલ્સમાં ભાગ લેવાના તેમના માર્ગ બંધ થઈ ગયા

## વિનેશ ફોગાટને દિલ્હી હાઈકોર્ટનો ઝટકો, વર્લ્ડ ચેમ્પિયનશિપની ટ્રાયલમાં ભાગ નહીં લઈ શકે

નવી દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે ભારતીય પહેલવાન વિનેશ ફોગાટને 2026ની સિનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપના સિલેક્શન ટ્રાયલ્સમાં ભાગ લેવા માટે વચગાળાની રાહત આપવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે જણાવ્યું કે WFI દ્વારા નિર્ધારિત પાત્રતાની શરતોમાં વ્યક્તિગત ખેલાડીને છૂટછાટ આપી શકાય નહીં. વિનેશ માતા બન્યા બાદ જરૂરી ક્વોલિફાયિંગ સ્પર્ધાઓમાં ભાગ લઈ શક્યા નહોતા. આ ચુકાદાથી 14 સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં યોજાનાર ટ્રાયલ્સમાં ભાગ લેવાના તેમના માર્ગ બંધ થઈ ગયા છે. ભારતીય સ્ટાર મહિલા પહેલવાન વિનેશ ફોગાટના આંતરરાષ્ટ્રીય કુસ્તીમાં પુનરાગમનના



પ્રયાસોને મોટો આંચકો લાગ્યો છે. દિલ્હી હાઈકોર્ટે વર્ષ 2026ની સીનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ માટેના સિલેક્શન ટ્રાયલ્સમાં ભાગ લેવા માટે વિનેશ દ્વારા માંગવામાં આવેલી વચગાળાની રાહતની અરજી ફગાવી દીધી છે. હાઈકોર્ટના આ ચુકાદા બાદ નવી દિલ્હી સ્થિત ઈન્દિરા ગાંધી સ્ટેડિયમ ખાતે 14 સપ્ટેમ્બરે યોજાનાર ટ્રાયલ્સમાં ભાગ લેવાના વિનેશ માટેના તમામ રસ્તા હાલ બંધ થઈ ગયા છે. જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માએ ગુરુવારે મોડી રાત્રે આ આદેશ આપતાં જણાવ્યું હતું કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) દ્વારા નક્કી કરાયેલી પાત્રતાની શરતોમાં કોઈ એક વ્યક્તિગત ખેલાડીને ખાસ છૂટછાટ આપી શકાય નહીં. 7 સપ્ટેમ્બર 2026ના રોજ જારી કરાયેલા સર્ક્યુલરમાં નિર્ધારિત માપદંડો તમામ રમતવીરો પર એકસમાન રીતે લાગુ પડે છે.

## વૈભવ સૂર્યવંશી પાસેથી ગિફ્ટ મેળવીને ઈમોશનલ થયો શમી

### 100મી મેચ જીતીને સર્જાયા ભાવુક દૃશ્યો, 'બેબી બોસ'નાં ભરપેટ કર્યા વખાણ

નવી દિલ્હી

ઈસ્ટ ઝોને શાનદાર પ્રદર્શન કરતા 13 વર્ષ પછી દુલીપ ટ્રોફી જીતી છે. ચેન્નાઈના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલ મેચમાં ઈસ્ટ ઝોને પ્રથમ ઈનિંગ્સની લીડના આધારે સાઉથ ઝોનને માત આપી હતી. આ મેચ ઈસ્ટ ઝોનના અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમી માટે ખૂબ જ ખાસ રહી હતી. શમીની આ 100મી ફર્સ્ટ ક્લાસ મેચ હતી, જેને આ ખિતાબી જીતે વધુ યાદગાર બનાવી દીધી. 10 સપ્ટેમ્બર, ગુરુવારના રોજ મેચ પૂરી થયા બાદ એક ઈમોશનલ મોમેન્ટ જોવા મળી હતી, જ્યારે 15 વર્ષના વૈભવ સૂર્યવંશીએ ઈસ્ટ ઝોન તરફથી મોહમ્મદ શમીને



ખાસ ભેટ આપીને તેમની 100મી ફર્સ્ટ ક્લાસ મેચનું સન્માન કર્યું હતું. વૈભવે શમીને એક જર્સી ભેટમાં આપી હતી, જેના પર ઈસ્ટ ઝોનના ખેલાડીઓના ઓટોગ્રાફ હતા. આ ક્ષણે અનુભવી ફાસ્ટ બોલરને ભાવુક કરી દીધા હતા.

મોહમ્મદ શમીએ 'બેબી બોસ'ના વખાણ કર્યા અને જણાવ્યું કે આટલી નાની ઉંમરના બેટરે ઈસ્ટ ઝોનના ડ્રેસિંગ રૂમમાં કેવી રીતે પોતાની છાપ છોડી છે. શમીના જણાવ્યા અનુસાર, નાની ઉંમર હોવા છતાં વૈભવ સૂર્યવંશીમાં ઘણી બાબતોને સમજવાની અને શીખવાની અદ્ભુત ક્ષમતા છે. વૈભવ સાથે વિતાવેલા સમયને યાદ કરતા શમીએ કહ્યું કે તેમણે આ યુવા બેટરની હાજરીનો ખૂબ આનંદ માણ્યો. તેમણે કહ્યું, 'આપણી ટીમનો બાળક વૈભવ સૂર્યવંશી લગભગ મારી ક્રિકેટ સફર જેટલો જ જૂનો છે. તેનામાં યુવાનો જેવી માસૂમિયત છે, તેને મજાક-મસ્તી કરવી ગમે છે અને તે વસ્તુઓને ખૂબ ઝડપથી શીખી લે છે.' શમીએ એ પણ સ્વીકાર્યું કે આજના યુવા ક્રિકેટરોને પહેલાના સમયની સરખામણીમાં નાની ઉંમરે જ મોટા મંચ પર રમવાનો અનુભવ મળી જાય છે. IPL અને અન્ય હાઈ-પ્રેશર ટૂર્નામેન્ટ્સમાં રમવાથી તેમની અંદર મેચની પરિસ્થિતિઓને સમજવાની ક્ષમતા ઝડપથી વિકસિત થઈ રહી છે. મોહમ્મદ શમીનું માનવું છે કે વર્તમાન સમયના યુવા ખેલાડીઓને દરેક વસ્તુ શીખવવાને બદલે યોગ્ય સમયે સાચી સલાહ આપવી વધુ જરૂરી છે.




### ઊર્જા સંકટ છતાં ભારતીય અર્થતંત્ર મજબૂત રહ્યું

# ભારત વિશ્વનું ગ્રોથ એન્જિન છે: IMF

મુંબઈ

ભારતની અર્થવ્યવસ્થાએ ઊર્જા સંકટ અને વૈશ્વિક પડકારો વચ્ચે પણ પોતાની ઝડપી ગતિ જાળવી રાખી છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા (એપ્રિલ-જૂન)માં દેશનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર 7.8% નોંધાયો છે.

આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF) એ ભારતના આ ઉત્કૃષ્ટ પ્રદર્શનની પ્રશંસા કરતા જણાવ્યું છે કે મજબૂત સેવા ક્ષેત્ર અને બહેતર નિકાસના જોરે આ વૃદ્ધિ અપેક્ષા કરતાં ઘણી સારી રહી છે. IMFએ ભારતીય અર્થતંત્રના વખાણ કર્યા IMFના પ્રવક્તા જુલી કોજાકે પ્રેસ બ્રીફિંગમાં




જણાવ્યું કે એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળામાં ભારતનો 7.8% નો જીડીપી વૃદ્ધિ દર તેમના અનુમાન અને બજાર નિષ્ણાતોની અપેક્ષાઓ કરતાં ઘણો વધારે છે. તેમણે કહ્યું કે સેવાઓ અને નિકાસમાં બહેતર ગતિવિધિઓએ આ વૃદ્ધિને વેગ આપ્યો છે. જુલી કોજાક મુજબ, આ પ્રદર્શન દર્શાવે છે કે ઊર્જા કિંમતોના આંચકા પછી પણ ભારતીય અર્થતંત્ર સંપૂર્ણપણે મજબૂત છે અને ભારત વિશ્વ માટે એક મુખ્ય 'ગ્રોથ એન્જિન' બની રહ્યું છે. આરબીઆઈના અનુમાન કરતાં વધુ રહ્યો વિકાસ દર પહેલી ત્રિમાસિકનો આ 7.8% નો આંકડો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના 7% ના અગાઉના અનુમાન કરતાં પણ વધુ રહ્યો છે. આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) ના આંકડા અનુસાર, આ ત્રિમાસિકમાં દેશની રિયલ જીડીપી 81.36 લાખ કરોડ રૂપિયા રહી, જે પાછલા નાણાકીય વર્ષ (FY26) ના આ જ સમયગાળામાં 75.46 લાખ કરોડ રૂપિયા હતી.

### કેન્દ્ર સરકારે બેંકિંગ વ્યવસ્થામાં ટેક્નોલોજીના વધતા ઉપયોગને ધ્યાને રાખીને નિર્ણય લીધો

# 135 વર્ષ જૂનો કાયદો રદ: કોર્ટમાં ડિજિટલ અને ક્લાઉડ બેંકિંગ રેકોર્ડ્સ માન્ય પુરાવો ગણાશે

### First Schedule હેઠળ ફિઝિકલ રેકોર્ડ અને Second Schedule હેઠળ ઇલેક્ટ્રોનિક રેકોર્ડ માટે પ્રમાણપત્રની જોગવાઈ છે

નવી દિલ્હી

બેંકિંગ વ્યવસ્થામાં ટેક્નોલોજીના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ કાયદાકીય ફેરફાર કર્યો છે. નાણા મંત્રાલયે Bankers' Books Evidence Act, 2026ને 1 ઓક્ટોબર, 2026થી અમલમાં મૂકવા માટે નોટિફિકેશન જાહેર કર્યું છે. આ કાયદાને રાષ્ટ્રપતિની મંજૂરી 13 ઓગસ્ટે મળી હતી. નવો કાયદો 1891ના જૂના Bankers' Books Evidence Actનું સ્થાન લેશે. ડિજિટલ અને ક્લાઉડ રેકોર્ડને પણ માન્યતા નવા કાયદાની સૌથી મહત્વપૂર્ણ જોગવાઈ એ છે કે તેમાં બેંકિંગ રેકોર્ડની વ્યાખ્યાને ટેક્નોલોજી પ્રમાણે વિસ્તૃત કરવામાં આવી છે. હવે ફિઝિકલ, ઈલેક્ટ્રોનિક, ડિજિટલ, વર્ચ્યુઅલ અને ક્લાઉડ આધારિત રેકોર્ડને પણ 'bankers'




books'માં સામેલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત બેકઅપ અને ડિઝાસ્ટર રિકવરી સાઈટ પર સંગ્રહિત રેકોર્ડને પણ આ માળખા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. એટલે ટેક્નોલોજીમાં થતા ફેરફારો સાથે કાયદો પણ સુસંગત રહી શકે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. ઈલેક્ટ્રોનિક પુરાવા માટે અલગ સર્ટિફિકેશન નવા કાયદામાં ફિઝિકલ અને ઈલેક્ટ્રોનિક રેકોર્ડ માટે અલગ પ્રમાણપત્રની વ્યવસ્થા કરવામાં આવી છે. First Schedule હેઠળ ફિઝિકલ રેકોર્ડ અને Second Schedule હેઠળ ઈલેક્ટ્રોનિક રેકોર્ડ માટે પ્રમાણપત્રની જોગવાઈ છે. આ પ્રમાણપત્રો મેન્યુઅલ ઉપરાંત Information Technology Act, 2000 હેઠળ માન્ય ડિજિટલ અથવા ઈલેક્ટ્રોનિક હસ્તાક્ષરથી પણ પ્રમાણિત કરી શકાશે. ખાસ વાત એ છે કે કોઈ બેંકિંગ રેકોર્ડ માત્ર ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં છે એટલા માટે તેની પુરાવા તરીકેની સ્વીકાર્યતા નકારી શકાશે નહીં. તેની ઓથેન્ટિસિટી, ઈન્ટિગ્રિટી અને સાયબર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કાયદામાં જરૂરી સુરક્ષાત્મક જોગવાઈઓ કરવામાં આવી છે. નવા કાયદામાં બેંક કાર્યવાહીનો પક્ષકાર ન હોય ત્યારે તેના અધિકારીઓને કોર્ટમાં બોલાવવા અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. આવા અધિકારીને સમન્સ પાઠવવા માટે કોર્ટને 'special cause' લેખિતમાં નોંધવું પડશે. કાયદામાં પહેલીવાર 'special cause'નો અર્થ પણ સ્પષ્ટ કરવામાં આવ્યો છે, જેથી બેંકના અધિકારીઓ અથવા રેકોર્ડને કોર્ટમાં બોલાવવાની પ્રક્રિયા વધુ મર્યાદિત અને સ્પષ્ટ બની શકે.

### સોનું ₹269 સસ્તું થઈને ₹1.53 લાખનું 10 ગ્રામ થયું

# ચાંદી ₹3,742 ઘટીને ₹2.30 લાખ પ્રતિ કિલો પર આવી

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 11 સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 269 રૂપિયા ઘટીને 1.53 લાખ રૂપિયા પર આવી ગઈ છે. એક કિલો ચાંદીની કિંમત 3,742 રૂપિયા ઓછી થઈને લગભગ 2.30 લાખ રૂપિયા થઈ ગઈ છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 20 હજાર રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.53 લાખ રૂપિયા પર પહોંચી




ગયું છે. જ્યારે ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે લગભગ 2.30 લાખ રૂપિયા પર આવી ગઈ છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાની ઓલટાઈમ હાઈ પણ બનાવી હતી. ડિસેમ્બર સુધીમાં સોનું 1.70 લાખ અને ચાંદી 3 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે કોટક સિક્યોરિટીઝના સિનિયર વીપી અને કોમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જી કહે છે કે સોનાને સામાન્ય રોકાણકારોની સાથે જ દુનિયાભરની કેન્દ્રીય બેંકો જેવી કે આરબીઆઈનો પણ સપોર્ટ મળ્યો છે, જેઓ સતત સોનું ખરીદી રહ્યા છે. આગળ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સોનામાં તેજી જળવાઈ રહેશે. જો પરિસ્થિતિઓ સુધરશે તો ચાંદીમાં પણ ઉછાળો જોવા મળી શકે છે. હાલ જે ભવિષ્યની પરિસ્થિતિઓ દેખાઈ રહી છે, તે મુજબ ડિસેમ્બર સુધીમાં સોનાની કિંમત 1.70 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. ચાંદીની કિંમત પણ 3 લાખ રૂપિયા સુધી જઈ શકે છે.

# સેન્સેક્સ 120 અંક ઘટીને 74,781 પર બંધ

- નિફ્ટી પણ 79 અંક ઘટ્યો; રિયલ્ટી-મેટલ શેરોમાં સૌથી વધુ ઘટાડો રહ્યો

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 11 સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 120 પોઈન્ટ ઘટીને 74,781 પર આવી ગયો. નિફ્ટીમાં પણ 79 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો અને તે 23,398 ના સ્તરે બંધ થયો. રિયલ્ટી-મેટલ શેરોમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો. બજારમાં આ




ઘટાડાનું કારણ ક્રૂડ ઓઈલ $108ને પાર: મધ્ય પૂર્વ યુદ્ધ અને રેડ સીમાં જહાજો પર હુમલાને કારણે ક્રૂડ ઓઈલ એક અઠવાડિયામાં 12% વધીને $108 ને પાર કરી ગયું છે. ભારત મોટા પ્રમાણમાં તેલ આયાત કરે છે, જેનાથી દેશનો ખર્ચ અને મોંઘવારી વધવાનો સીધો ખતરો છે. અમેરિકી બોન્ડ યીલ્ડમાં રેકોર્ડ ઉછાળો: અમેરિકામાં 10 વર્ષની બોન્ડ યીલ્ડ વધીને 4.94%ને પાર કરી ગઈ. ત્યાં જોખમ વિના વધુ સારું વળતર મળવાથી વિદેશી રોકાણકારો ભારત જેવા દેશોમાંથી પૈસા પાછા ખેંચી રહ્યા છે.

# AMTS અને BRTS નિ:શુલ્ક બસ પાસ વિતરણ કાર્યક્રમ ધામધૂમથી સંપન્ન

## અમરાઈવાડીમાં વરિષ્ઠ નાગરિકો માટે સોનેરી સવાર': પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ખાસ ઉપસ્થિત રહ્યા!



અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકા અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે વરિષ્ઠ નાગરિકોની સુવિધા, સન્માન અને આત્મનિર્ભરતા માટે સતત પ્રજાલક્ષી કાર્યો કરવામાં આવી રહ્યા છે. તેના જ ભાગરૂપે અમદાવાદના અમરાઈવાડી વિસ્તાર ખાતે 'AMTS અને BRTS સિનિયર સિટીઝન નિ:શુલ્ક મુસાફરી બસ પાસ યોજના' હેઠળ એક ભવ્ય અને ગરિમાપૂર્ણ પાસ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખાસ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સાહેબે પ્રેરક ઉપસ્થિતિ આપીને યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો.

**મહાનુભાવો અને લોકપ્રતિનિધિઓનો જમાવડો**

વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ અર્થે યોજાયેલા આ કાર્યક્રમમાં અમદાવાદ મહાનગરના રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણી નેતાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**મુખ્ય અતિથિગણ:** પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સાથે અમદાવાદના મેયરશ્રી હિતેશભાઈ બારોટ, મહાનગર અધ્યક્ષ શ્રી પ્રેરકભાઈ શાહ અને સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણાએ ખાસ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

**પદાધિકારીઓની હાજરી:** કાર્યક્રમમાં દંડકશ્રી અતુલ મિશ્રાજી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશ પટેલ, મહાનગરના મહામંત્રીશ્રીઓ તેમજ સ્થાનિક કાઉન્સિલરો અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ઉત્સાહભેર જોડાયા હતા.

**વરિષ્ઠ નાગરિકોની મુસાફરી બનશે સુગમ અને મફત**

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ઉંમરના આ તબક્કે સિનિયર સિટીઝનોને આર્થિક બોજ વગર શહેરમાં ગમે ત્યાં આવવા-જવા માટે ઉત્તમ જાહેર પરિવહન સુવિધા પૂરી પાડવાનો છે.

**અમર્યાદિત મુસાફરી:** આ નિ:શુલ્ક પાસના માધ્યમથી અમરાઈવાડી અને સમગ્ર અમદાવાદના સિનિયર સિટીઝનો AMTS અને BRTS બસ સેવાનો વિનામૂલ્યે લાભ લઈ શકશે.

**મહાનુભાવોના હસ્તે પાસ વિતરણ:** ઉપસ્થિત તમામ મહાનુભાવોના હસ્તે વિસ્તારના સેંકડો વરિષ્ઠ નાગરિકોને સ્ટેજ પરથી જ સન્માનપૂર્વક પાસ એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વરિષ્ઠ નાગરિકોનું અભિવાદન કરતા જણાવ્યું હતું કે, 'વડીલોનો આશીર્વાદ એ જ અમારી સાચી મૂડી છે અને તેમની સેવા કરવી એ પ્રશાસનની પ્રાથમિક ફરજ છે.' નિ:શુલ્ક પાસ મેળવ્યા બાદ વડીલોના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી હતી.

સ્થાનિક રહિશ અને સિનિયર સિટીઝનોએ સરકાર અને મહાનગરપાલિકાના આ સરાહનીય પગલાંને બિરદાવીને પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, મેયરશ્રી હિતેશભાઈ બારોટ અને સમગ્ર ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

---

ગેરકાયદે બાંધકામો પર પીળા પંજાનું બુલ્ડોઝર ફરી વળ્યું'

## જમાલપુરની કાદરીની ચાલીમાં AMCનો મોટો ધડાકો, ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ડિમોલિશન!

અમદાવાદ



અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર બાંધકામો અને દબાણો સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના એસ્ટેટ વિભાગે ફરી એકવાર આક્રમક વલણ અપનાવ્યું છે. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ કોર્પોરેશનની ટીમે રાયખડ રોડ પર આવેલી ચર્ચિત જમાલપુરની 'કાદરીની ચાલી' ખાતે દરોડો પાડીને ગેરકાયદેસર ઊભા કરાયેલા બાંધકામો પર બુલડોઝર ફેરવી દીધું હતું. તંત્રની આ સરપ્રાઈઝ અને કડક કાર્યવાહીથી ગેરકાયદે બાંધકામ કરનારા ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, કાદરીની ચાલી ખાતે નિયમોનું ઉલ્લંઘન કરીને મોટું અનધિકૃત બાંધકામ ખડકી દેવામાં આવ્યું હતું. AMC એસ્ટેટ વિભાગ દ્વારા અગાઉ નોટિસો ફટકારીને કાયદેસરની મુદત આપવામાં આવી હોવા છતાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવ્યું નહોતું. અંતે, નિયમ મુજબ કડક પગલાં ભરતાં AMCની ટીમે જેસીબી, ક્રેન અને મશીનરી સાથે સ્થળ પર પહોંચી ડિમોલિશનની કામગીરી શરૂ કરી હતી. કોઈ અપ્રિય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સ્થાનિક પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને ક્યુઆરટી (QRT) ટીમોના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આખું ગેરકાયદે માળખું જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું હતું. અમદાવાદ શહેરના સુવ્યવસ્થિત વિકાસ, ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને જાહેર રસ્તાઓ ખુલ્લા કરવા માટે અનધિકૃત બાંધકામો સામેની આવી કાર્યવાહી અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. સ્થાનિક નાગરિકો અને જાગૃત રહિશો પણ કોર્પોરેશનના આ આકરા પગલાને આવકારી રહ્યા છે.

---

## અમદાવાદના રખિયાલમાં બોગસ ફાયર NOCનું મોટું કૌભાંડ

અમદાવાદ

અમદાવાદ શહેરના રખિયાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફાયર એનઓસી (Fire NOC) ને લઈને એક ચોંકાવનારી અને ગંભીર ઘટના સામે આવી છે. સુરક્ષાના તમામ કાયદાઓને નેવે મૂકીને ધમધમતી હોટલ ચલાવવા માટે બોગસ અને બનાવટી સરકારી કાગળો ઊભા કરવાનું એક મોટું કારનામું સામે આવતાં સમગ્ર વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો છે. અજીતમિલ ચાર રસ્તા પાસે આવેલી 'આસિફ ફાઈ હોટલ' માટે ફાયર એનઓસી મેળવવા હોટલ માલિક અક્રમ પઠાણ દ્વારા અરજી કરવામાં આવી હતી. આ અરજી ગોમતીપુર ફાયર સ્ટેશન ખાતે પેન્ડિંગ ચાલતી હતી.

**સરપ્રાઈઝ ચેકિંગ અને ખુલાસો:** તપાસના ભાગરૂપે ફાયર ઓફિસર અમરસિંહ ગોવિંદભાઈ પારિયા સ્થળ પર તપાસ માટે હોટલ પહોંચ્યા હતા. ત્યારે હોટલ માલિકે ખુબ જ બિન્દાસ્ત થઈને પોતાના વોટ્સએપ (WhatsApp) માંથી ફાયર NOC ની એક ડિજિટલ કોપી અધિકારી સામે રજૂ કરી દીધી હતી.

---

અમદાવાદમાં મનપાની સર્જિકલ સ્ટ્રાઇક

## લોકોના પેટમાં ઝેર પીરસતી 'રામસન્સ' બ્રાન્ડના મિલાવટી ઘીનો પર્દાફાશ, 555 કિલો જથ્થો સીઝ!

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના હેલ્થ અને ફૂડ વિભાગે નાગરિકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતા અને ગંદકી ફેલાવતા અસામાજિક વેપારીઓ સામે આકરૂં વલણ અપનાવી લાલ આંખ કરી છે. શહેરના વ્યસ્ત એવા માધુપુરા વિસ્તારમાંથી મનપાની ટીમે એક મોટી કાર્યવાહી કરીને 'રામસન્સ' બ્રાન્ડના વધુ 555 કિલો જેટલા બનાવટી અને ગુણવત્તા વિહોણા ઘીના જથ્થાને સીઝ કરી લીધો છે.



અમદાવાદ મનપાની પબ્લિક હેલ્થ લેબોરેટરી દ્વારા અગાઉ 'રામસન્સ' બ્રાન્ડના ઘીના નમૂના લેવામાં આવ્યા હતા. આ સેમ્પલ્સના બારીક પૃથ્થકરણ બાદ આવેલા રિપોર્ટે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. આ ઘી સંપૂર્ણપણે નકલી, ભેળસેળિયું અને માનવ શરીર માટે હાનિકારક સાબિત થયું હતું. રિપોર્ટ ફેલ આવતા જ AMC ની ટીમે બિલકુલ સમય બગાડ્યા વિના દરોડા પાડીને આ ઘાતક જથ્થો કબજે કર્યો છે. લાભ ખાતર લોકોના જીવને જોખમમાં મુકતા સટોડિયા અને વેપારીઓ સામે AMC નો આ અગાઉનો સૌથી મોટો પ્રહાર માનવામાં આવી રહ્યો છે. તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે ભેળસેળિયું ખાધ્ય તેલ, ઘી કે માવો વેચનારાઓ સામે હવે માત્ર દંડ નહીં, પણ દુકાનો સીલ કરવા સુધીના આકરાં પગલાં લેવાશે. પબ્લિક હેલ્થ સાથે રમત રમનારા અને વેપારના સ્થળે ગંદકી ફેલાવનારા એકપણ વેપારીને બક્ષવામાં આવશે નહીં. માધુપુરામાં થયેલી આ સપાટાબંધ કામગીરી બાદ સમગ્ર શહેરના મિલાવટી સામાન વેચતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.


---

પિતા-પુત્ર સામે ગુનો નોંધાયો

## વેજલપુરમાં નશાકારક સિરપનો મોટો જથ્થો ઝડપાયો: 1ની ધરપકડ બીજો ફરાર!

અમદાવાદ

અમદાવાદના વેજલપુર વિસ્તારમાંથી પોલીસે વહેલી સવારે દરોડો પાડી, ફતેહવાડીના ઈસાબખાન પઠાણને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી કોડીન ફોસ્ફેટયુક્ત કફ સિરપની 354 બોટલો અને રોકડ સહિત કુલ 4.69 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પોલીસે ઈસાબખાનના પુત્ર રિયાઝને પણ આ ગેરકાયદે સિરપના વેચાણમાં સંડોવણી બદલ આરોપી બનાવ્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.




શહેરના વેજલપુર વિસ્તારમાંથી પોલીસે 10 સપ્ટેમ્બરની વહેલી સવારે એક શખસને નિયંત્રિત પદાર્થ 'કોડીન ફોસ્ફેટ' ધરાવતી ઉધરસની દવાની 354 બોટલો તથા રોકડ સહિત કુલ 4.69 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીની ઓળખ અહમદાબાદના ફતેહવાડી વિસ્તારમાં આવેલા રમઝાન પાર્ક-2ના રહીશ ઈસાબખાન પઠાણ તરીકે થઈ છે.

વેજલપુર પોલીસની ટીમે 10 સપ્ટેમ્બરના રોજ સવારે આશરે 3.50 વાગ્યે ઈસાબખાન પઠાણને અટકાવી તેની તલાશી લેતા તેની પાસેથી કોડીન ફોસ્ફેટયુક્ત ઉધરસના સિરપની 354 બોટલો મળી આવી હતી. જપ્ત કરાયેલા સિરપનું આશરે વજન 35.4 કિલોગ્રામ છે, જેની બજાર કિંમત 4.16 લાખ આંકવામાં આવી છે.

પોલીસે ઘટનાસ્થળેથી સિરપ ઉપરાંત એક મોબાઈલ ફોન, 42,900ની રોકડ રકમ, આધાર કાર્ડ, લાઈટ બિલ અને એક કાળા રંગની બેગ પણ કબજે કરી છે. આ તમામ જપ્ત કરેલી ચીજવસ્તુઓની કુલ કિંમત આશરે 4.69 લાખ અંદાજવામાં આવી છે. પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસે આરોપીના પુત્ર રિયાઝ ઈસાબખાન પઠાણની સંડોવણી ખુલતા તેને પણ આરોપી તરીકે દર્શાવ્યો છે.

---

3.73 લાખનો તેલનો જથ્થો જપ્ત; ભેળસેળવાળું તેલ હોવાની શક્યતા

## લાંભામાં ખાધતેલનું રિપેકિંગ યુનિટ ઝડપાયું : જુના ખાલી ડબ્બા મળ્યા

અમદાવાદ

અમદાવાદ શહેરના લાંભા વિસ્તારમાં પીપળજ રોડ પર આદર્શ એસ્ટેટમાં મમતા એગ્રો પ્રોટીન નામના ખાદ્યતેલના યુનિટમાં ફૂડ વિભાગે દરોડા પાડ્યા છે. જ્યાંથી રુપિયા 3.73 લાખનું 175 ટીન ભરેલું તેલ અને 300 જૂના ખાલી ટીન મળી આવ્યા છે. સ્થળ તપાસ દરમિયાન રી-પેકિંગ કરવામાં આવતું હોવાનું મળી આવ્યું હતું. જેમાં લેબલ, રિપેકિંગ, સ્ટોક અને બેચમાર્કનો હિસાબ ન હોવાનું સામે આવ્યું છે. વપરાયેલા તેલનો જથ્થો પણ મળી આવ્યો છે. જેથી ખાદ્ય તેલના રીપેરીંગ યુનિટમાં તેલમાં ભેળસેળની શક્યતા અને જુના ડબ્બા મળી આવતા યુનિટને સીલ મારવામાં આવ્યું છે.



મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના ડો.તેજસ શાહે જણાવ્યું હતું કે, લાંભામાં ખાદ્યતેલના રી-પેકિંગના યુનિટમાં સ્થળ પર મોટી સંખ્યામાં વપરાયેલા/જૂના ખાલી તેલના ટીન મળી આવ્યા હતા. જેનો ફરીથી તેલ ભરવા ઉપયોગ થવાની શક્યતા છે. ખાદ્યતેલની ચકાસણી કરતાં પેકિંગ અને લેબલિંગ સંબંધિત વિવિધ ખામીઓ/અનિયમિતતાઓ પ્રાથમિક દૃષ્ટિએ જોવા મળી હતી. સ્થળ પરથી મળેલા સંબંધિત લેબલ તથા અન્ય વિગતોની વધુ તપાસ FSSAIના લાગુ પડતા નિયમો મુજબ કરવામાં આવી રહી છે.

ડો.તેજસ શાહે વધુમાં તેમણે જણાવ્યું હતું કે, એકમ દ્વારા અગાઉ રિપેકિંગ કરી બજારમાં મોકલવામાં આવેલા ખાદ્યતેલ અંગેના બેચ અને લોટ મુજબ ઉત્પાદન, રિપેકિંગ, સ્ટોક તથા ડીસ્પેચ સંપૂર્ણ અને સંતોષકારક રેકોર્ડ અને ડોક્યુમેન્ટ સ્થળ તપાસ સમયે રજૂ કરવામાં આવ્યા ન હતા. બિઝનેસ ઓપરેટરના જણાવ્યા મુજબ ખાદ્યતેલનો જથ્થો છત્રાલથી માસિક એક ટેન્કર મારફતે મેળવવામાં આવતો હોવાનું જણાવાયું છે.

---

## સંક્ષીપ્ત સમાચાર

### રોડ ક્રોસ કરતા વૃદ્ધને એક્ટિવા ચાલકે ટક્કર મારી : વૃદ્ધ ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં ખસેડાયા

અમદાવાદના મોટેરા સ્ટેડિયમ પાસે રોડ ક્રોસ કરી રહેલા વૃદ્ધને એક્ટિવા ચાલકે ટક્કર મારતા ફંગોળાઈને રોડ પર પટકાયા હતા. જેમાં વૃદ્ધ, એક્ટિવા ચાલક અને પાછળ બેસેલ બે યુવકો સહિત ચાર લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ટ્રાફિક પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

મોટેરા સ્ટેડિયમ ગેટ નંબર 1 પાસે ગત 9 સપ્ટેમ્બરે સાંજના પાંચ વાગ્યાની આસપાસ એક વૃદ્ધ રોડ ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન પુરઝડપે આવી રહેલ ટ્રિપલ સવારી એક્ટિવા ચાલકે વૃદ્ધને અડફેટે લેતા રોડ પર ફંગોળાઈને પટકાયા હતા. આ અંગે ટ્રાફિક પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

### નારોલ પોલીસના હાથે 445 ગ્રામ ગાંજા સાથે બારેજાનો યુવક ઝડપાયો

નારોલ પોલીસે નવી બની રહેલી તિરુપતિ એન્કલ્વે સ્કીમ પાસે કેનાલ ચાર રસ્તા પરથી બારેજાના ભાઈલાલભાઈ જયંતીભાઈ વાઘરી (ઉ.વ.29)ને 445 ગ્રામ ગાંજા સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે ગાંજો, સ્પ્લેન્ડર બાઈક અને રોકડ મળી કુલ રૂ.62,500નો મુદ્દામાલ કબજે કર્યો હતો. નારોલ પોલીસની એન.ડી.પી.એસ. ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ભાઈલાલભાઈ કાળા રંગની સ્પ્લેન્ડર બાઈક પર ગાંજો લઈને બારેજા તરફ જવાનો છે. બાતમીના આધારે વોચ ગોઠવી પોલીસે તેને રોકી તલાશી લેતાં પેન્ટની ફેટમાં છુપાવેલી પ્લાસ્ટિકની થેલીમાંથી ગાંજો મળી આવ્યો હતો. એફએસએલ અધિકારીએ પ્રાથમિક પરીક્ષણમાં પદાર્થ ગાંજો હોવાનું જણાવ્યું હતું. ડિજિટલ કાંટાથી વજન કરતાં 445 ગ્રામ ગાંજો, કિંમત રૂ.22,250 હોવાનું સામે આવ્યું હતું. ઉપરાંત રૂ.40 હજારની બાઈક અને રૂ.250 રોકડા મળી કુલ રૂ.62,500નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

### દર્શન કરવા આવેલી વૃદ્ધા રસ્તો ભૂલી તળાવડીમાં પડી : 181 અભયમે બચાવી સારવાર કરાવી

અમદાવાદ પૂર્વમાં મંદિરના દર્શન કરવા આવેલી આશરે 70 વર્ષીય વૃદ્ધા રાત્રે રસ્તો ભૂલી તળાવડીમાં પડી ગઈ હતી. પગમાં ઈજા થતાં બહાર ન નીકળી શકતાં આખી રાત પાણીમાં બેઠી રહી હતી. થર્ડ પાર્ટીના કોલ બાદ 181 અભયમની ટીમ સ્થળે પહોંચી હતી.

CCTV તપાસમાં વૃદ્ધા રાત્રિથી જ પાણીમાં હોવાનું જાણવા મળ્યું હતું. ટીમે તેમને પાણીમાંથી બહાર કાઢી સારવાર કરાવી હતી. કાઉન્સેલિંગમાં વૃદ્ધાએ દર્શન માટે આવી હોવાનું અને રસ્તો ભૂલી જતાં તળાવડીમાં પડી હોવાનું જણાવ્યું હતું. તેમનું ઘરનું ચોક્કસ સરનામું યાદ ન હોવાથી પરિવારનો સંપર્ક થઈ શક્યો ન હતો. અંતે 181 ટીમે વૃદ્ધાને આશ્રયગૃહમાં આશ્રય અપાવ્યો હતો.

### પોલીસ પરવાનગી કરતા વધુ ઊંચી મૂર્તિ સ્થાપતા સૌપ્રથમ ગુનો દાખલ: ગત વર્ષે પણ નોંધાયો'તો

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં બાપા સીતારામ ચોક પાસે હરીવિલા ફ્લેટ નજીક જાહેર રોડ ઉપર ભગવાન ગણેશની 22.50 ફૂટની ઊંચી મૂર્તિની સ્થાપના કરવા બદલ આયોજક વિરુદ્ધ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ગત વર્ષે પણ આ જ જગ્યા પર ગણેશ સ્થાપના કરનાર આયોજક દ્વારા પોલીસ કમિશનરના જાહેરનામા કરતા વધારે ઊંચાઈની મૂર્તિ લાવી સ્થાપના કરવામાં આવતા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારે ફરી ચાલુ વર્ષે પણ ઊંચી મૂર્તિ લાવવામાં આવી હોવાને લઈ કૃષ્ણનગર પોલીસ દ્વારા સચિન કુમાવત નામના શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. બાપાસીતારામ ચોક પાસે આવેલા હરી વિલા ફ્લેટના ગેટ પાસે રોડ પર મંડપ બાંધવામાં આવ્યો હતો અને ગણેશ મૂર્તિ સ્થાપના રાખવામાં આવી હતી.

### અમદાવાદના વટવામાં સરકારી સબસિડીવાળા યુરિયા ખાતરનું કાળાબજારી કૌભાંડ ખુલ્લું

ખેડૂતોના હકનું સબસિડીવાળું યુરિયા ખાતર ઉદ્યોગોમાં વટાવી મારી કાળી કમાણી કરવાનો એક સનસનાટીભર્યો ખેલ અમદાવાદના વટવા GIDC વિસ્તારમાંથી સામે આવ્યો છે. SP રિંગ રોડ પર આવેલી શ્રદ્ધા એસ્ટેટના ગોડાઉનમાં પોલીસે ગુપ્ત બાતમીના આધારે દરોડા પાડીને કરોડોના કૌભાંડ તરફ ઈશારો કરતી સરકારી યુરિયા ખાતરની ૮૫૭ બોરીઓનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાળા કારોબારમાં સામેલ ખાતર આપનાર મુખ્ય કડી સહિત ગોડાઉન સંચાલકો સામે કાયદાનો કોરડો વિંઝવામાં આવ્યો છે.

સમગ્ર ઘટનાની વિગત મુજબ, વટવા GIDC નજીક SP રિંગ રોડ પર આવેલા શ્રદ્ધા એસ્ટેટ સ્થિત 'મણિધર પ્લાસ્ટો' નામના ભાડે રાખેલા ગોડાઉનમાં સરકારી સબસિડીયુક્ત યુરિયા ખાતરનો ગેરકાયદેસર જથ્થો સંતાડવામાં આવ્યો હોવાની પોલીસને ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે ૨૫ ઓગસ્ટે દરોડો પાડ્યો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI